dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 173 | AD - 2026, Chaitra Sud -13 | Tuesday, Dt. 31-03-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ગલ્ફ ક્ષેત્રમાં ઈરાનના હુમલા યથાવત, કુવૈતમાં ભારતીય કર્મચારીનું મોત


## ઈરાન ૨૦ તેલ જહાજો હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવા દેવા સમંત

વોશિંગ્ટન,તા.૩૦

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભયાનક યુધ્ધને ૩૧ દિવસ પૂરા થઈ ગયા છે. આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે યુધ્ધનો અંત લાવવા માટે અમેરિકા દ્વારા પાકિસ્તાન મારફતે રજૂ કરાયેલી ૧૫-મુદ્દાની મોટાભાગની માંગણીઓ સાથે ઈરાન સંમત થઈ ગયું છે. ટ્રમ્પે જણાવ્યું કે અમેરિકા અત્યારે ઈરાન સાથે સીધી અને પરોક્ષ બંને રીતે ખૂબ જ ગંભીરતાથી વાટાઘાટો કરી રહ્યું છે.

રાષ્ટ્રપતિએ માહિતી આપતા કહ્યું કે, ઈરાન સોમવાર સવારથી સન્માનના પ્રતીક રૂપે ૨૦ તેલ વહન કરતા જહાજોને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવા દેવા માટે રાજી થયું છે. આ સાથે જ અમેરિકન રાષ્ટ્રપતિએ હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટે તેહરાન દ્વારા જ લાદવામાં આવેલી સમયમર્યાદાને ૬ એપ્રિલ સુધી લંબાવી દીધી છે.

બીજી તરફ, ગલ્ફ ક્ષેત્રમાં યુધ્ધની ભયાનકતા યથાવત છે. ઈરાને અચાનક નવા હુમલાઓ શરૂ કરી દેતા સમગ્ર ગલ્ફ ક્ષેત્રમાં મિસાઈલ એલર્ટ જારી કરાયું હતું. આ આક્રમકતાને જોતા સંયુક્ત આરબ અમીરાત, કુવૈત અને બહેરીને પોતાની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓને તાત્કાલિક સક્રિય કરી દીધી હતી. કુવૈતના પાવર સ્ટેશન પર થયેલા ઈરાની હુમલામાં ત્યાં ફરજ બજાવી રહેલા એક નિર્દોષ ભારતીય કર્મચારીનું કરુણ મોત નીપજ્યું છે અને એક ઈમારતને ભારે



નુકસાન પહોંચ્યું છે. કુવૈતના વીજળી મંત્રાલયના પ્રવક્તા ફાતિમા અબ્બાસ જવાહર હયાતે જણાવ્યું કે, કુવૈત સામેના ઈરાની આક્રમણના ભાગ રૂપે આ અપ્રિય ઘટના બની છે.

આ ભયાનક યુધ્ધે હવે તેલ, કુદરતી ગેસ અને ખાતરના વૈશ્વિક પુરવઠાને મોટા જોખમમાં મૂકી દીધો છે. વ્યૂહાત્મક રીતે મહત્વના હોર્મુઝ સ્ટ્રેટ પર ઈરાનના પ્રભુત્વના લીધે આંતરરાષ્ટ્રીય બજારો હચમચી ગયા છે. ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલના હુમલાઓથી શરૂ થયેલા આ યુધ્ધમાં અત્યાર સુધીમાં ૩,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા હોવાના અહેવાલ છે. કતારના વિદેશ મંત્રાલયે પણ કુવૈતમાં થયેલા ઈરાનના હુમલાઓની આકરા શબ્દોમાં સખત નિંદા કરી છે અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ મૂકી છે.

દરમિયાન, ઈઝરાયલે સ્વીકાર્યું છે કે દક્ષિણ લેબનોનમાં એન્ટી-ટેન્ક અને ડ્રોન હુમલાઓમાં તેના છ સૈનિકો ઘાયલ થયા છે. તે જ સમયે, કુવૈત નેશનલ ગાર્ડે પાંચ ઈરાની ડ્રોનને તોડી પાડ્યા હોવાનો દાવો કર્યો છે. આ તરફ ઉત્તરી ઈરાનમાં આવેલા તાબ્રીઝ પેટ્રોકેમિકલ પ્લાન્ટ પર પણ સોમવારે વહેલી સવારે હુમલો કરવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં કોઈ ઝેરી સામગ્રી લીક થયાના અહેવાલો નથી.

આ બધા ઘટનાક્રમ વચ્ચે, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પર્શિયન ગલ્ફમાં આવેલા ઈરાનના મુખ્ય તેલ ટર્મિનલ, 'ખાર્ગ ટાપુ' પર અમેરિકન સૈન્ય દ્વારા કબજો લેવાનો વિચાર રજૂ કર્યો છે. ટ્રમ્પની આ ટિપ્પણી 'ધ ફાઈનાન્શિયલ ટાઈમ્સ'માં પ્રકાશિત થઈ છે. તેમણે કહ્યું કે અમારી પાસે ઘણા વિકલ્પો છે અને અમે તેને ખૂબ જ સરળતાથી જીતી શકીએ છીએ.

## બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે વિધાન પરિષદ પદ પરથી આપ્યું રાજીનામું

બિહાર,તા.૩૦

બિહારના રાજકારણમાંથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. મુખ્યમંત્રી નીતિશ કુમારે વિધાન પરિષદ (MLC) પદ પરથી રાજીનામું આપી દીધું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમણે મુખ્યમંત્રી નિવાસસ્થાને જઈને બિહાર વિધાન પરિષદના અધ્યક્ષ અવધેશ નારાયણ સિંહને પોતાનું રાજીનામું સુપરત કર્યું છે. આ રાજીનામાની સત્તાવાર જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે. જોકે, નીતિશ કુમારે વિધાન પરિષદમાંથી રાજીનામું આપ્યું



છે, પરંતુ તેમના મુખ્યમંત્રી પદ પર રહેવા અંગે હજુ પણ સસ્પેન્સ યથાવત છે. બંધારણીય નિયમો મુજબ, MLC પદ પરથી રાજીનામું આપ્યા પછી પણ તેઓ છ મહિના સુધી મુખ્યમંત્રી પદ પર રહી શકે છે. નીતિશ કુમારના આ અચાનક લેવાયેલા નિર્ણય બાદ બિહારના રાજકીય વર્તુળોમાં તેમના વારસદારને લઈને ભારે ચર્ચાઓ અને અટકળો તેજ બની છે. નવા મુખ્યમંત્રી તરીકે વર્તમાન નાયબ મુખ્યમંત્રી અને ભાજપના દિગ્ગજ નેતા સમ્રાટ ચૌધરીનું નામ સૌથી આગળ ચાલી રહ્યું છે. આ ઉપરાંત નિશાંત કુમારના નામને લઈને પણ રાજકીય બજારો ગરમ છે.

## ઈન્ડીગો અને એર ઈન્ડિયાએ કોલકાતાથી શાંઘાઈ માટે સીધી ફ્લાઈટ શરૂ કરી

કોલકાતા,તા.૩૦

કોલકાતા અને ચીનના શાંઘાઈ વચ્ચે સોમવારે સવારે સીધી ફ્લાઈટ સેવાનો પ્રારંભ થયો છે. આ નવી સેવાનું ઔપચારિક ઉદ્ઘાટન કોન્સ્યુલ જનરલ પ્રતીક માથુર દ્વારા કરવામાં આવ્યું હતું. દિલ્હી પછી, કોલકાતા હવે શાંઘાઈ સુધી સીધી એર કનેક્ટિવિટી આપનાર ભારતનું બીજું મોટું શહેર બન્યું છે. ભારતની બે મુખ્ય એરલાઈન્સ, ઈન્ડિગો અને એર ઈન્ડિયાએ ભારતીય મેટ્રો શહેરોથી શાંઘાઈ સુધીની ફ્લાઈટ્સ શરૂ કરી દીધી છે. કોલકાતા અને શાંઘાઈ વચ્ચેનું



આ સીધું જોડાણ ભારતના ઉત્તર-પૂર્વીય રાજ્યોના આર્થિક વિકાસને પણ નોંધપાત્ર રીતે વેગ આપશે. ખરેખર, કોલકાતા અને શાંઘાઈનો સંબંધ ઘણો જૂનો છે. ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરે વર્ષ ૧૯૨૪ થી ૧૯૨૯ દરમિયાન ત્રણ વખત શાંઘાઈની મુલાકાત લીધી હતી અને ત્યાં તેમની બે પ્રતિમાઓ પણ છે. એપ્રિલ મહિનામાં રવીન્દ્રનાથ ટાગોરની જન્મજયંતિ પહેલા જ આ ફ્લાઈટ શરૂ કરવામાં આવી છે. આ નવી સુવિધા પૂર્વ ભારત અને પૂર્વી ચીનના લોકોને એકબીજાની વધુ નજીક લાવશે, જેનાથી બંને દેશો વચ્ચે વેપાર અને મુસાફરી ખૂબ જ સરળ બનશે. અત્રે નોંધનીય છે કે ભારત અને ચીન વચ્ચે સીધી ફ્લાઈટ્સ સૌપ્રથમ ઓક્ટોબર ૨૦૦૦ માં શરૂ થઈ હતી. જોકે, ૨૦૨૦ માં કોવિડ-૧૯ મહામારી અને ત્યારબાદ સરહદ પર વધતા સૈન્ય તણાવને કારણે આ ફ્લાઈટ્સ સંપૂર્ણપણે સ્થગિત કરવામાં આવી હતી. લાંબા સમય પછી આ સેવાઓ પુનઃ શરૂ થતાં મુસાફરોને મોટી રાહત મળશે.




## આસામના વિકાસ માટે શાંતિ એ પહેલી શરત : પીએમ નરેન્દ્ર મોદી

આસામ,તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે ''મેરા બૂથ સબસે મજબૂત સંવાદ'' નામના વિશેષ જનસંપર્ક કાર્યક્રમના ભાગ રૂપે નમો એપ દ્વારા આસામના ભાજપ કાર્યકરો સાથે સીધો સંવાદ કર્યો હતો. આ ખાસ વાતચીત દરમિયાન, પીએમ મોદીએ પાયાના સ્તરે



કામ કરતા પક્ષના કાર્યકરો પાસેથી વિવિધ મંતવ્યો અને ફીડબેક માંગ્યા હતા. આ સાથે જ તેમણે કાર્યકરોને આગામી ચૂંટણીઓમાં ઐતિહાસિક વિજય મેળવવા માટે પૂરા ઉત્સાહથી સખત મહેનત કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે છેલ્લા એક દાયકામાં આસામ રાજ્યમાં થયેલા અભૂતપૂર્વ અને ઝડપી વિકાસ કાર્યો વિશે પણ વિસ્તારથી વાત કરી હતી. આસામમાં ભારતીય જનતા પાર્ટીના બૂથ સ્તરના સક્રિય કાર્યકરો સાથે વાતચીત કરતી વખતે, વડાપ્રધાન મોદીએ સ્પષ્ટ શબ્દોમાં ભારપૂર્વક કહ્યું કે, ''કોઈપણ રાજ્યના સર્વાંગી વિકાસ માટે ત્યાં શાંતિ હોવી એ સૌથી પ્રાથમિક અને અનિવાર્ય શરત છે.'' તેમણે ભૂતકાળને યાદ કરતા કહ્યું કે આસામ રાજ્ય લાંબા સમય સુધી અસ્થિરતા અને હિંસાનો સામનો કરતું રહ્યું છે, પરંતુ છેલ્લા દાયકામાં કેન્દ્ર અને રાજ્ય સરકારના પ્રયાસોથી ત્યાંની પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે.

## સુકમામાં વધુ એક નક્સલી ઠાર, છત્તીસગઢ સરકારે આત્મ સમર્પણની છેલ્લી અપીલ કરી


છત્તીસગઢ,તા.૩૦

છત્તીસગઢના સુકમામાં સુરક્ષા દળોએ ૫ લાખ રૂપિયાનું ઈનામ ધરાવતા કુખ્યાત નક્સલી મુચાકી કૈલાશને એન્કાઉન્ટરમાં ઠાર માર્યો છે. તે હુમલા અને હત્યા જેવી ગુનાહિત પ્રવૃત્તિઓમાં સામેલ હતો. આઈજી સુંદરરાજે માઓવાદીઓને હિંસાનો માર્ગ છોડી તાત્કાલિક આત્મસમર્પણ કરી મુખ્ય પ્રવાહમાં જોડાવા અને શાંતિપૂર્ણ જીવન જીવવા માટે છેલ્લી તક આપી અપીલ કરી છે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
મંગળવાર, તા.૩૧-૦૩-૨૦૨૬

# સણોસરામાં મુખ્યમંત્રીની હાજરીમાં વિશાળ જળ સંમેલન યોજાશે

**મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનું તા.૧ એપ્રિલના રોજ અમરેલી જિલ્લામાં આગમન**

અમરેલી,તા.૩૦

અમરેલી તાલુકાના સર્વાંગી વિકાસ અને પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા એક ઐતિહાસિક કદમ ઉઠાવવામાં આવ્યું છે. ઊર્જા રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરિયાના પ્રયત્નો અને જેટકોના આર્થિક યોગદાનથી હવે અમરેલી તાલુકાના ૬૦ ગામોમાં એકસાથે જળ સંગ્રહના કાર્યો શરૂ થવા જઈ રહ્યા છે. આ ભગીરથ કાર્યનો પ્રારંભ ૧ એપ્રિલ સણોસરા મુકામે એક વિશાળ જળ સંમેલન દ્વારા થશે, જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. ઉલ્લેખનીય છે કે,



આ ટ્રસ્ટ છેલ્લા ઘણા વર્ષોથી સૌરાષ્ટ્રના છેવાડાના ગામો સુધી જળસંચયનું અભિયાન ચલાવી રહ્યું છે, જેના દ્વારા અત્યાર સુધીમાં હજારો ચેકડેમ ઊંડા, ઊંચા અને નવા કરવામાં આવ્યા છે અને તળાવોના પુનઃજીવિતકરણ દ્વારા ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવાના સફળ પ્રયાસો થયા છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ૬૦ ગામોમાં હિટાચી મશીનો દ્વારા તળાવો ઊંડા કરવા અને જળ સંગ્રહની ક્ષમતા વધારવા માટેના કાર્યોનો એકસાથે પ્રારંભ થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, કુંકાવાવ તાલુકામાં અત્યારે ૪૫ જેટલા હિટાચી મશીનોથી જળસંચય માટેના કાર્યો થઈ રહ્યા છે જેમાં હવે વધુ ૮૫ હિટાચી મશીનોથી નવા જળસંચયના કાર્યોનો પ્રારંભ થશે. ૧ એપ્રિલે સવારે ૯ કલાકે ગામ-સણોસરા, તા.,જિ. અમરેલી ખાતે યોજાનાર આ જળ સંમેલનમાં જિલ્લાના ખેડૂતો અને ગ્રામજનોને ઉપસ્થિત રહેવા જાહેર નિમંત્રણ છે.

## અમરેલી ખાતે બ્રોડગેજ ટ્રેક તૈયાર થયા બાદ ટ્રાયલ રન કરાયું




અમરેલી ખાતે રેલવે બ્રોડગેજ લાઈન રૂપાંતરણનું મહત્વપૂર્ણ સિવિલ કાર્ય પૂર્ણ થઈ ગયું છે. આ રેલવે ટ્રેક તૈયાર થયા બાદ સુરક્ષા અને ક્ષમતા ચકાસવા માટે ટ્રાયલ રન કરવામાં આવ્યું હતું. આ સાથે જ રેલવે પ્રશાસન દ્વારા સમગ્ર રૂટ પર ઈલેક્ટ્રિક પાવર સપ્લાયનું સફળતાપૂર્વક ટેસ્ટિંગ પણ સંપન્ન કરવામાં આવ્યું છે. આ ટેકનિકલ પરીક્ષણ બાદ હવે અહીં ટૂંક સમયમાં જ ઈલેક્ટ્રિક ટ્રેનો શરૂ થવાનો માર્ગ મોકળો બન્યો છે.

# અમરેલીના જેસિંગપરા વિસ્તારમાં ગુરૂવારે કુમાર શાળાનું લોકાર્પણ

અમરેલી,તા.૩૦

અમરેલીના જેસિંગપરા વિસ્તારમાં અંદાજિત રૂપિયા એક કરોડ સાઈઠ લાખના ખર્ચે તૈયાર થયેલ અદ્યતન કુમાર શાળાનું ભવ્ય લોકાર્પણ યોજાવા જઈ રહ્યું છે. આ ગૌરવશાળી પ્રસંગ રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયા તેમજ અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરિયાના વરદ હસ્તે સંપન્ન



થશે. અમરેલી નગરપાલિકા અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં જેસિંગપરાના તમામ હોદ્દેદારો, ઉત્સાહી કાર્યકર્તાઓ, વડીલો અને જાગૃત મતદારોને મોટી સંખ્યામાં

**રાજ્યમંત્રી કૌશિક વેકરીયા અને સાંસદ ભરત સુતરીયા ખાસ હાજર રહેશે**

ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા હાર્દિક નિમંત્રણ છે. આ કાર્યક્રમ તા.૦૫-૦૩-૨૦૨૬ને ગુરુવારના રોજ સવારે ૯-૦૦ કલાકે જેસિંગપરા કુમાર શાળા, શેરી નંબર-૩ ખાતે રાખવામાં આવ્યો છે.

# ચાંદગઢ મુકામે રાજગોર બ્રાહ્મણ જોષી પરિવાર દ્વારા નવચંડી યજ્ઞ યોજાયો

અમરેલી,તા.૩૦

ચાંદગઢ મુકામે રાજગોર બ્રાહ્મણ જોષી પરિવારના કુળદેવી ચામુંડા માતાજી અને આઈ રાજબાઈ માતાજીના મંદિરે ભવ્ય હોમાત્મક નવચંડી યજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર પ્રસંગમાં મુખ્ય યજમાન તરીકે જયસુખભાઈ ત્રિકમભાઈ જોષી, બકુલભાઈ જોષી, મનોજભાઈ જોષી, સંજીવભાઈ જોષી અને પ્રશાંતભાઈ જોષી જોડાયા



હતા. વહેલી સવારથી જ મંદિરમાં માતાજીની શાસ્ત્રોક્ત પૂજા-અર્ચના, પવિત્ર નવચંડી યજ્ઞ, દિવ્ય મહાઆરતી અને ત્યારબાદ મહાપ્રસાદ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો ભારે શ્રધ્ધાપૂર્વક યોજાયા હતા. આ સમગ્ર ધાર્મિક વિધિ શાસ્ત્રી મિતુલ દાદા પંડ્યા દ્વારા પૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ-વિધાન અને મંત્રોચ્ચાર સાથે સંપન્ન કરાવવામાં આવી હતી. આ દિવ્ય પ્રસંગે ભરતભાઈ જોષી, અમરીશભાઈ જોષી અને જયદેવભાઈ જોષી સહિત સમસ્ત જોષી પરિવારના સભ્યોએ બહોળી સંખ્યામાં હાજર રહી દર્શનનો લાભ લીધો હતો. આ સમગ્ર ધાર્મિક મહોત્સવને સફળ બનાવવા માટે મંદિરના પૂજારી રમેશભાઈ મહેતાએ ભારે જહેમત ઉઠાવી ઉત્કૃષ્ટ સેવા પૂરી પાડી હતી.

# અમરેલીના ગજેરા શૈક્ષણિક સંકુલમાં વિવિધ મહિલા કોલેજોની વિદ્યાર્થીનીઓનો વિદાય સમારોહ યોજાયો

અમરેલી,તા.૩૦

અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત અને શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલમાં કાર્યરત વિવિધ મહિલા કોલેજોમાં વિદ્યાર્થીનીઓ માટે વિદાય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્નેહમિલન કાર્યક્રમમાં કે.પી. ધોળકીયા ઈનફોટેક મહિલા કોલેજ, લેઉવા પટેલ ટ્રસ્ટ બી.બી. એ. મહિલા કોલેજ, યુ.બી. ભગત સાયન્સ મહિલા કોલેજ અને આર. કે. વઘાસીયા કોમર્સ મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓ મોટી સંખ્યામાં



ઉપસ્થિત રહી હતી. વિદાય સમારોહ દરમિયાન કોલેજ સ્ટાફ દ્વારા વિદ્યાર્થીનીઓને જીવનમાં સફળતા મેળવવા માટે પ્રેરણાત્મક અને મૂલ્યનિષ્ઠ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીનીઓ પણ અત્યંત ભાવુક જોવા મળી હતી.

# બાબરા શહેર દ્વારા મન કી બાત અને ટિફિન મીટીંગનું આયોજન

બાબરા,તા.૩૦

બાબરા શહેર ભાજપ સંગઠન દ્વારા તાપડીયા આશ્રમ ખાતે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના



લોકપ્રિય કાર્યક્રમ 'મન કી બાત'નું લાઈવ પ્રસારણ નિહાળવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાજપના હોદ્દેદારો, કાર્યકર્તાઓ અને વિવિધ મોરચાના આગેવાનો ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાનના પ્રસારણ બાદ વિશેષ ટિફિન મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું,

## આવતીકાલે અમરેલીના જેસીંગપરામાં મુખ્યમંત્રીના હસ્તે

# શિવાજી મહારાજ અને સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ થશે

અમરેલી,તા.૩૦

અમરેલીના જેસીંગપરા ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે શિવાજી મહારાજ અને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવશે. આવતીકાલ તા.૧ને બુધવારના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે અનાવરણ કરવામાં આવશે. અત્રે નોંધનીય છે કે, નગરપાલિકા દ્વારા છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે. જયારે સંદિપ માંગરોળીયા દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની



પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે. આ પ્રતિમાના અનાવરણ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેવા શહેરીજનોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# કમાણી ફોરવર્ડ હાઈસ્કુલ ખાતે જિલ્લા શિક્ષણાધિકારીનું સન્માન કરાયું

અમરેલી,તા.૩૦

અમરેલીમાં હિન્દી વિષયના મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર, કમાણી ફોરવર્ડ હાઈસ્કુલ ખાતે આજે જિલ્લા શિક્ષણાધિકારી મનહરસિંહ ગોહિલનું સન્માન અમરેલી જિલ્લા હિન્દી રાષ્ટ્રભાષા મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં આચાર્ય સંવર્ગના અધ્યક્ષ રામભાઈ કેશવાલા, ગુજરાત પ્રાંતના મનીષાભાઈ સિધ્ધપરા, માધ્યમિક વિભાગના અધ્યક્ષ ભરતભાઈ મકવાણા, મધ્યસ્થ મૂલ્યાંકન



કેન્દ્રના નિયામક પ્રફુલાબેન ઘોઘલિયા, કો-ઓર્ડીનેટર રમણભાઈ ડામોર, સુરેશભાઈ વાવલીયા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા શિક્ષણાધિકારી મનહરસિંહ ગોહિલ, મનીષભાઈ સિધ્ધપુરા, માનસિંહભાઈ વાળાએ પ્રાસંગિક પ્રવચન કરેલ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દીપાબેન ગોહિલએ કરેલ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા મંડળના સારસ્વતોએ જહેમત ઉઠાવી હતી.

# ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલના વિદ્યાર્થીએ પ્રાથમિક સ્કોલરશીપ પરીક્ષામાં અમરેલી તાલુકામાં પ્રથમ સ્થાન મેળવ્યું

અમરેલી,તા.૩૦


અમરેલીની જાણીતી શૈક્ષણિક સંસ્થા શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલના વિદ્યાર્થીએ ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ પ્રાથમિક સ્કોલરશીપ પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સમગ્ર રાજ્યના ૧૦૦૦ વિદ્યાર્થીઓના મેરીટ લિસ્ટમાં



સ્થાન મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. શાળાના ગુજરાતી માધ્યમમાં ધોરણ-૬માં અભ્યાસ કરતા આદ્રેજા દિવ્યાંસ ઉદયભાઈએ ૧૨૦માંથી ૧૦૧ ગુણ મેળવી અમરેલી તાલુકામાં પ્રથમ ક્રમ સાથે ઝળહળતી સિદ્ધિ હાંસલ કરી છે.

આ સફળતા પાછળ વિદ્યાર્થીનો પરિશ્રમ, શિક્ષકોનું યોગ્ય માર્ગદર્શન અને સંસ્થાના સહકારનો મહત્ત્વનો ફાળો રહ્યો છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી ૧૧ ॥ ॥ શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ॥
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



YJ
યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
શ્રી હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

ખેતીની જમીન અને ગૌચરના દબાણ મામલે ચાલી રહેલા મનદુઃખમાં ઘટના બની

# કોટડાપીઠા ગામે આધેડની નિર્મમ હત્યા

બાબરા, તા.૩૦

બાબરાના કોટડાપીઠા ગામની સીમમાં ખેતીની જમીન અને ગૌચરના દબાણ મામલે ચાલી રહેલા મનદુઃખમાં એક નિર્મમ હત્યાની ઘટના સામે આવી હતી. બે દિવસ પહેલા થયેલી સામાન્ય બોલાચાલીનો ખાર રાખીને આરોપીએ આધેડ પર જીવલેણ હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ અંગે મંગળુભાઈ જીવાભાઈ ધાધલ (ઉ.વ.૫૨) એ રમેશભાઈ ઉર્ફે દુડી ગોરધનભાઈ ઉર્ફે કોથાભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, બે દિવસ પહેલા તેમના મૃતક બનેવી બાબભાઈએ આરોપીને ગૌચરની જમીનમાં દબાણ કરી ખેતીકામ ન કરવા બાબતે ટપાર્યા હતા. આ બાબતની અદાવત રાખીને, જ્યારે બાબભાઈ પોતાની વાડીએથી ઢોર લઈને ઘરે જઈ રહ્યા હતા, ત્યારે આરોપીએ ઢોરને સાઈડમાં ચલાવવા જેવી સામાન્ય બાબતે ગાળાગાળી કરી હુમલો કર્યો હતો. આરોપીએ લાકડી વડે આડેધડ માર મારીને બાબભાઈને માથા, હાથ, પગ અને છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. હુમલો એટલો ભયાનક હતો કે મૃતકને બંને હાથે-પગે અને પાંસળીઓમાં મલ્ટી ફ્રેક્ચર થયા હતા, જેના કારણે તેમનું મોત નીપજ્યું હતું. જે બાદ રમેશભાઈ ઉર્ફે દુડી ગોરધનભાઈ ઉર્ફે કોથાભાઈ સોલંકી/ દેવીપુજકએ બાબભાઈ મોકાભાઈ ખાચર/કાઠી દરબાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, કર્ણકીના કાચા મારગે આવેલ ભોળાનાથના મંદિરે સેવા પુજા કરવા જતા હોવાતી મરણજનાર બાબભાઈ મોકાભાઈ ખાચર રહે.કોટડાપીઠા વાળાને ગમતું નહોતું. તા.૨૮ ના રોજ બપોરના આશરે બે વાગ્યે ફરી ભોળાનાથના મંદિરે જતા હોય ત્યારે આરોપીએ તેમને સામા મળ્યા હતા અને ભોળાનાથના મંદિરે જવાની ના પાડી જશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપી પાસે રહેલ લાકડી વડે મારી નાખવાના ઈરાદે તેમના માથામાં ડાબી બાજુએ એક ઘા માર્યો હતો. તેમજ એક ઘા પડખામાં માર્યો હતો.

# સાવરકુંડલા તાલુકાના મીતીયાળામાં ભૂકંપના આંચકાથી ગ્રામજનોમાં ભય



તસવીર : સૌરભ દોશી

ભુકંપના આંચકાના કારણે અનેક મકાનોમાં તિરાડો પડી

સાવરકુંડલા,તા.૩૦

સાવરકુંડલા તાલુકાના ડુંગરાળ વિસ્તારમાં આવેલા મીતીયાળા ગામમાં છેલ્લા બે દિવસથી સતત ભૂકંપના હળવા આંચકા અનુભવાઈ રહ્યા છે. ગઈકાલે ગામમાં કુલ છ આંચકા આવ્યા બાદ આજે બપોરે પણ બે આંચકા અનુભવાતા સ્થાનિકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. છેલ્લા ત્રણ વર્ષથી આ ગામ વારંવાર ભૂકંપનો સામનો કરી રહ્યું છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, ઉનાળાની શરૂઆત થતાં જ આ સમસ્યા વકરી છે. ભૂકંપના કારણે અનેક મકાનોમાં તિરાડો પડી ગઈ છે અને ધડાકાના અવાજોથી લોકો ઘર છોડીને બહાર દોડી જાય છે. શાળામાં અભ્યાસ કરતા બાળકો પણ ભયના ઓથાર નીચે જીવી રહ્યા છે. ગત વર્ષે સિસ્મોલોજી વિભાગે મુલાકાત લઈને મોટા જોખમનો નકાર કર્યો હતો, પરંતુ વર્તમાન સ્થિતિ જોતા ગ્રામજનોમાં અસુરક્ષાની લાગણી પ્રબળ બની છે.

# ચલાલા પોલીસ સ્ટેશનની હદમાં આવતા ગામોમાં સીસીટીવી કેમેરા કાર્યરત



ચલાલા,તા.૩૦

અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ શરૂ કરાયેલા ''ઈગલ આઈ ટુ'' પ્રોજેક્ટના ભાગરૂપે ચલાલા વિસ્તારમાં કેમેરા સ્થાપિત કરાયા છે. ચલાલા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર.એચ. રતનના નેતૃત્વમાં આ કામગીરી સો ટકા પૂર્ણ થઈ છે. ગ્રામ પંચાયતના સરપંચો, સ્થાનિક આગેવાનો અને દાતાઓના સહયોગથી આ પ્રોજેક્ટ હાથ ધરાયો હતો. આ સામૂહિક પ્રયાસથી ગામડાંઓમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનશે તેમજ ગુનાખોરી પર નિયંત્રણ મેળવી શકાશે.

# દામનગરની પે-સેન્ટર શાળા નંબર-૧ માં ત્રિવેણી કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૩૦



દામનગર શહેરની પે સેન્ટર શાળા નંબર-૧ પીએમ શ્રી ગુજરાત પ્રાથમિક શાળામાં તાજેતરમાં ત્રિવેણી રંગમંચ વાર્ષિક ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાયો હતો. આ સુંદર કાર્યક્રમમાં શાળા સ્થાપના દિનની ઉજવણી, ધોરણ ૮ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ અને તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન એમ ત્રિવિધ કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી **NMMS, PSE, CET,** નવોદય અને જ્ઞાન સાધના જેવી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર હોંશિયાર વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રોજેક્ટના બાળકો, કન્યા કેળવણી અંતર્ગત સ્વરક્ષણ તાલીમ મેળવનાર દીકરીઓ, રમતગમતમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા ખેલાડીઓ તેમજ ધોરણ ૩ થી ૮ માં વાર્ષિક પરીક્ષામાં પ્રથમ ક્રમે આવનાર તમામ તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરી ઈનામો આપવામાં આવ્યા હતા.

# બાબરાના ઉંટવડમાં ભાજપની ''મન કી બાત'' ટિફિન બેઠક અને ચૂંટણીલક્ષી સભા યોજાઈ


તસવીર : દિપક કનૈયા

બાબરા,તા.૩૦

બાબરા તાલુકાના ઉંટવડ મુકામે સરખડીયા હનુમાનજીની જગ્યામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લોકપ્રિય કાર્યક્રમ ''મન કી બાત'' નિમિત્તે ટિફિન બેઠકનું આયોજન તાલુકા ભાજપ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હોદ્દેદારો, કાર્યકર્તાઓ, આગેવાનો તેમજ સહકારી ક્ષેત્રના પ્રતિનિધિઓ ઉત્સાહભેર હાજર રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને કાર્યકરો મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આગેવાનો દ્વારા સંગઠન મજબૂત બનાવવાના, મતદારો સાથે સક્રિય સંપર્ક જાળવવાના તેમજ વિકાસના મુદ્દાઓને લોકો સુધી પહોંચાડવાના મુદ્દાઓ પર ખાસ ભાર મૂકાયો હતો.

# ચલાલાની ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના બે શિક્ષકો ''શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ''થી સન્માનિત

ચલાલા, તા.૩૦

ચલાલામાં ડૉ.રતિદાદાના આશીર્વાદ અને ભારતભૂષણ મહેશભાઈ મહેતાના માર્ગદર્શનમાં યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલય માટે ગૌરવ લેવાય એવી ક્ષણ બની છે. તાજેતરમાં અમરેલી જીલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળનું અધિવેશન સાસણ મુકામે યોજાયું હતું.



જેમાં આ વિદ્યાલયના બે શિક્ષકો બાબુભાઈ ભટ્ટી અને માનસીબેન સોજીત્રાને ''શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ''થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય સેલ્ફ ફાઈનાન્સ શાળા સંચાલક મંડળના પ્રમુખ જતીનભાઈ ભરાડ, અમરેલી જીલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ પંકજભાઈ મહેતા, ભરતભાઈ ગાજીપરા, ભાવનગરથી મનહરભાઈ, ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, સંસ્થાના ડાયરેક્ટર શીતલબેન મહેતા સહિત અનેક મહાનુભાવોએ હાજરી આપી હતી.

# બાબરા શહેર ખાતે કોંગ્રેસનો જનસંવાદ કાર્યક્રમ યોજાયો


તસવીર : દિપક કનૈયા

બાબરા,તા.૩૦

બાબરા શહેરમાં આવેલ મેલડી માતાના મંદિરે પૂર્વ ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરના અધ્યક્ષસ્થાને બાબરા શહેર અને તાલુકા કોંગ્રેસના સંયુક્ત ઉપક્રમે એક વિશાળ જનસંવાદ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શહેર અને તાલુકા કોંગ્રેસના કાર્યકરો, આગેવાનો તેમજ સમર્થકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બાબરા શહેર કોંગ્રેસના નવનિયુક્ત પ્રમુખ ચિતરંજનભાઈ છાટબાર અને તાલુકા કોંગ્રેસના નવનિયુક્ત પ્રમુખ ધીરુભાઈ વહાણીનું જિલ્લા કોંગ્રેસના આગેવાનો દ્વારા ઉષ્માભેર સ્વાગત કરીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ જેનીબેન ઠુંમર, વિરોધ પક્ષના પૂર્વ નેતા પરેશભાઈ ધાનાણી, પૂર્વ ધારાસભ્ય ઋત્વિકભાઈ મકવાણા અને કનુભાઈ બારૈયા સહિતના અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતા. જનસંવાદ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત આગેવાનોએ જનતાને સંબોધતી વખતે રાજ્ય અને કેન્દ્ર સરકારની નીતિઓ પર આકરા પ્રહારો કર્યા હતા. આ સાથે જ આગામી સમયમાં યોજાનારી નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત જેવી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં કોંગ્રેસ પક્ષ ભવ્ય વિજય મેળવશે તેવો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો. અંતમાં પક્ષના સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે તમામ કાર્યકરોએ એકસાથે સંકલ્પ લીધો હતો.

BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર / વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

લેઉવા પટેલ ટ્રસ્ટ વિમેન્સ યુનિવર્સિટી
અમરેલી સૌરાષ્ટ્ર ગુજરાત મંજુરી પ્રક્રિયા ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad235

હવે અમરેલી શહેરમાં...
Gyanmanjari Innovative University
दिव्यम् ददामि ते चक्षुः GMIU
જ્ઞાનમંજરી ઈનોવેટીવ યુનિવર્સીટી, ભાવનગર દ્વારા કેરિયર કાઉન્સેલિંગ સેન્ટર
DIPLOMA | B.TECH | M.TECH | B.SC | M.SC | BCA | MCA | BBA | MBA | B.COM | M.COM | BA | MA | DESING | PH.D |
ADDMISION OPEN NOW IN AMRELI
www.gmiu.edu.in
70438 19956 | 99251 11132 | 75 74 949494

## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, ઈન્દીરાબેન ધીરજલાલ મકવાણા. મારું જૂનું નામ ઈન્દીરાબેન ધીરજલાલ મકવાના થી બદલીને ઈન્દીરાબેન ધીરજલાલ મકવાણા કરવામાં આવ્યું છે. તેથી હવેથી હું આ નામથી ઓળખાઈશ.

## CHANGE OF NAME

I hereby declare, Jiteshkumar Dhirajlal Makwana. My old name is Jiteshkumar Dhirubhai Makwana has been replaced by Jiteshkumar Dhirajlal Makwana. So henceforth I am known by this name

## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી), સરનામુ-પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

(૧) અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-લીલીયા નાના ગામે ખેડુત ખાતા નં-૫૨૬, સ.નં-૩૬૮ (જુનો સ.નં-૮૭/૧ પૈકી ૧) હે.આરે.ચોમી.૩–૦૫-૫૩, આકાર-૧૧.૮૫ વાળી ખેતીની જુની શરતની જમીન ખેતીની જમીનના માલીક, કબ્જેદાર-ડોબરીયા હિતેષભાઈ હરજીભાઈ ના નામે આવેલ છે.

(૨) અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-લીલીયા નાના ગામે ખેડુત ખાતા નં-૪૨૬, સ.નં-૩૭૩ (જુનો સ.નં-૮૭/૨ પૈકી ૩) કુલ હે.આરે.ચોમી.૨-૪૨-૮૩ (માંથી પૈકી હે.આરે.ચોમી.૧-૬૧-૮૮ વેચાણ પાત્ર) વાળી ખેતીની જુની શરતની જમીન ખેતીની જમીનના માલીક, કબ્જેદાર-ડોબરીયા કિશોરભાઈ કાળુભાઈ ના નામે આવેલ છે.

ઉકત પેરા નં-(૨) જણાવ્યા મુજબની ખેતીની જમીનના ૭/૧૨, ૮અ ઉપર એક્ષીસ બેંક ઘોડદોડ રોડ, સુરત શાખાના અંકે રૂા.૫,૪૫,૦૦૦/- નો બોજો નોંધાયેલ છે. તે સિવાય અન્ય કોઈનો બોજો, ગીરો, હક ૭/૧૨માં નોંધાયેલ નથી.

જેથી ઉપરોકત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલિક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામા આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) મા અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામા આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ (સાત) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામા આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

સ્થળ :- લીલીયા
તારીખ :- ૩૦/૩/૨૦૨૬

એસ.પી.ભડકોલીયા
(એડવોકેટ & નોટરી)
મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
ફ્રી બહેરાશની તપાસ સલાહ, માર્ગદર્શન ૩૧માર્ચ સુધી
• નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
• જર્મની, ડેન્માર્ક ના આધુનિક મશીન વ્યાજબી કિંમતમાં
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાયમી સરનામું
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

ભાવનગર ખાતે લગ્નપ્રસંગ પતાવી પરત ફરતી વખતે બની ઘટના

# ચાવંડ ગામ નજીક જાનૈયાઓ ભરેલી લકઝરી બસ પલટી

**બસમાં સવાર ૨૫ જેટલા જાનૈયાઓને નાની-મોટી ઈજા પહોંચતા સારવારમાં ખસેડાયા**

અમરેલી,તા.૩૦

અમરેલી જિલ્લાના લાઠી તાલુકામાં આવેલા ચાવંડ ગામ નજીક તા.૩૦ માર્ચની વહેલી સવારે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. ભાવનગર ખાતે આયોજિત એક લગ્નપ્રસંગમાં હાજરી આપીને પરત ફરી રહેલા જાનૈયાઓની લકઝરી બસને અચાનક અકસ્માત નડ્યો હતો. ભાવનગરથી જામનગર તરફ જઈ રહેલી આ બસના ચાલકને વહેલી સવારના સમયે અચાનક ઊંઘનું જોરદાર ઝોકું આવી ગયું હતું. ડ્રાઈવર કાબૂ ગુમાવવાના કારણે સ્પીડમાં જઈ રહેલી આખી બસ રોડની બાજુમાં પલટી મારી ગઈ હતી. આ બસ પાર્થ ટ્રાવેલ્સ નામની ખાનગી ટ્રાવેલ્સની હોવાનું જાણવા મળ્યું છે. આ અચાનક બનેલી ઘટનાને કારણે બસમાં સવાર તમામ મુસાફરો ભારે ગભરાઈ ગયા હતા અને આસપાસના વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. લગ્નનો આનંદ માણીને ખુશી-ખુશી પોતાના ઘેર પરત ફરી રહેલા જામનગરના આ પરિવારો માટે આ સવાર અત્યંત ડરામણી



સાબિત થઈ હતી. અકસ્માત સમયે બસમાં અંદાજે ચાલીસ જેટલા જાનૈયાઓ સવાર હતા. બસ પલટી જતાં જ અંદર બેઠેલા લોકોમાં જોરદાર ચીસાચીસ અને ભારે દેકારો મચી ગયો હતો. આ અકસ્માતમાં આશરે પચ્ચીસ જેટલા મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.

સ્થાનિક લોકો અવાજ સાંભળીને તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને અંદર ફસાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી શરૂ કરી દીધી હતી. ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમો પણ ઘટનાસ્થળે સમયસર પહોંચી ગઈ હતી. ઈજાગ્રસ્ત થયેલા તમામ પચ્ચીસ મુસાફરોને તાત્કાલિક સારવાર અર્થે લાઠી, બાબરા તેમજ ઢસા સહિતની નજીકની વિવિધ હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતની વિગતવાર માહિતી મળતાની સાથે જ લાઠી પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને આ બાબતે આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. સદનસીબે આટલી મોટી ગંભીર દુર્ઘટના સર્જાઈ હોવા છતાં પણ કોઈ મોટી જાનહાનિ થઈ નથી. તમામ ઈજાગ્રસ્તોને સામાન્ય ઈજાઓ જ પહોંચી હોવાથી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી દેવામાં આવી હતી. આ રીતે એક બહુ મોટી ઘાત ટળી ગઈ હતી અને લોકોએ ભારે રાહતનો શ્વાસ લીધો હતો.

## રાજુલાના ભેરાઈ ગામમાં મધરાતે ગુનો કરવાના ઈરાદે આંટાફેરા મારતો શખ્સ ઝડપાયો

રાજુલા, તા. ૩૦

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ભેરાઈ ગામમાં મોડી રાત્રે શંકાસ્પદ હાલતમાં રખડતા એક યુવકને પોલીસે ઝડપી પાડ્યો હતો. આરોપી કોઈ ગંભીર મિલકત સંબંધી ગુનો કરવાના ઈરાદે પોતાની ઓળખ છુપાવીને આંટાફેરા મારી રહ્યો હોવાનું સામે આવ્યું હતું. મનિષભાઈ ભરતભાઈ સલ્લા (ઉ.વ.૩૮) રાત્રિના અંધકારનો લાભ લઈ ગામમાં છુપાઈને ફરી રહ્યો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછ અને પરિસ્થિતિ જોતા જણાયું હતું કે, તે કોઈ ચોરી, લૂંટ કે ઘરફોડ ચોરી જેવા ગુનાને અંજામ આપવાની ફિરાકમાં હતો. પોલીસે આરોપીને અટકાયતમાં લઈ તેની વિરુધ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.ડી.લાધવા વધુ તપાસ કરી રહ્યા છે.

## રાજુલામાં અશ્વિનભાઈ ખુમાણના ૩૮મા જન્મદિવસે યોજાયો ત્રિવિધ સેવાકીય કાર્યક્રમ

રાજુલા, તા.૩૦

શહેરમાં સનરાઈઝ ફાઉન્ડેશન દ્વારા અશ્વિનભાઈ ખુમાણના ૩૮મા જન્મદિવસ નિમિત્તે પટેલ વાડી ખાતે ભંડારીયા હનુમાનજી મહારાજનો થાળ, નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ અને રક્તદાન કેમ્પ સહિતનો ત્રિવિધ કાર્યક્રમ ભવ્ય રીતે યોજાયો હતો. આ કાર્યક્રમનો શુભારંભ ઉપસ્થિત



તસવીર : ગોપાલ રાઠોડ

સંતો-મહંતો અને મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. હનુમંત હોસ્પિટલ અને નવકાર બ્લડ બેંક-મહુવાના તબીબોની ટીમે પણ આ કેમ્પમાં પોતાની સેવાઓ આપી હતી. આ રક્તદાન કેમ્પમાં સ્થાનિક યુવાનોએ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું અને અનેક દર્દીઓએ નિદાન કેમ્પનો લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન લોકસાહિત્યકાર શૈલેષભાઈ વાઘેલાએ કર્યું હતું. આ કાર્યક્રમમાં રાજુલા વિસ્તારના તમામ સમાજના લોકો અને નગરજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વડિયાના જીથુડી ગામે ઠપકો આપતા ઝેરી દવા પીનારા યુવકનું સારવારમાં મોત

**મૃતક મધ્યપ્રદેશના ખાજપુરનો રહેવાસી હતો**

વડિયા, તા.૩૦

વડિયાના જીથુડી ગામે બાળકને સાચવવા બાબતે ઠપકો આપતા ઝેરી દવા પીનારા યુવકનું સારવારમાં મોત થયું હતું. મૃતક મધ્યપ્રદેશના પાટી તાલુકાના ખાજપુર ગામનો હતો. અનીતાબેન ઉર્ફ મીનાબેન શાંતીલાલ નાવડે (ઉ.વ.૨૦)એ જાહેર કર્યા મુજબ, શાંતીલાલ ઝીમરીયાભાઈ નાવડે (ઉ.વ.૨૫) ને બાળક સાચાવવા અંગે ઠપકો આપતા મનમા લાગી આવતા ઝેરી દવા પી લીધી હતી. જેથી સારવાર અર્થે ખસેડ્યો હતો. સારવાર દરમ્યાન મરણ પામ્યા હતા. આ ઘટનાને પગલે જીથુડી ગામમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી અને પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. વડિયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી. ટી. બળસટીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## રીશીભાઈ રૂપારેલીયાની વિશ્વ હિન્દુ પરિષદ બાબરાના ઉપાધ્યક્ષ પદે વરણી

બાબરા, તા.૩૦

બાબરાના નામાંકિત વેપારી અને સામાજિક આગેવાન એવા સ્વ. પ્રમોદભાઈ મણીલાલ રૂપારેલીયાના પુત્ર રીશીભાઈ પ્રમોદભાઈ રૂપારેલીયાની રામનવમીના પાવન દિવસે મોટા રામજી મંદિર ખાતે અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના અધ્યક્ષ વિજયભાઈ દેસાઈ દ્વારા બાબરા તાલુકાના વિશ્વ હિન્દુ પરિષદના ઉપાધ્યક્ષ પદે હિન્દુ



સમાજના આગેવાનોની હાજરીમાં નિમણૂક કરવામાં આવતા સમગ્ર હિન્દુ સમાજમાં હર્ષની લાગણી અને અભિનંદનની વર્ષા થઈ રહી છે. યુવા એડવોકેટ આગેવાન રીશીભાઈ હિન્દુ સમાજ માટે અડધી રાતનો હોંકારો છે અને લોહાણા સમાજમાં રઘુવીર સેનાના પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે તેમજ લોહાણા સમાજના યુવા આગેવાન છે. બાબરા વકીલ મંડળમાં સેક્રેટરી તરીકે પણ પોતાની સેવા આપી રહ્યા છે. તેમની વિશ્વ હિન્દુ પરિષદ બાબરાના ઉપાધ્યક્ષ પદે વરણી થતા તેના બહોળા મિત્રવર્ગ દ્વારા અભિનંદનની વર્ષા થઈ રહી છે.

## અમરેલીમાં હસમુખરાય ઠાકરનું નિધન થતા ઘેરો શોક છવાયો

અમરેલી,તા.૩૦

અમરેલીના જડેશ્વર નગર-૨, હનુમાનપરા રોડ પર રહેતા હસમુખરાય કાંતિલાલ ઠાકરનું નિધન થતા પરિવારમાં ઘેરાશોકની લાગણી પ્રસરી જવા પામી છે. સ્વ.હસમુખરાય ઠાકર ડીવાયએસપી મનિષકુમાર ઠાકર, સંદિપકુમાર ઠાકર અને અમિતકુમાર ઠાકરના પિતા થાય છે. હસમુખરાય ઠાકરના નિધનથી સમગ્ર બ્રહ્મ સમાજે ઘેરાશોકની લાગણી વ્યકત કરી



હતી. સદગતના બેસણામાં સર્વ સમાજે ઠાકર પરિવારને સાંત્વના આપી હતી. સદ્‌ગતનું બેસણુ ગુરૂવારના રોજ ભાવનગર ખાતે રાખેલ છે.

## ધારીના વાઘવડી ગામમાં ૨૦ સિંહોનું ટોળુ આવતા ગ્રામજનોમાં ફફડાટ

ધારી ,તા.૩૦

ધારી તાલુકાના વાઘવડી ગામમાં ૨૦ સિંહોનું એક મોટું ટોળું ગામની સીમમાં પ્રવેશી ગયું હતું. આ અદભુત ઘટનાનો વિડીયો હાલ સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થઈ રહ્યો છે. વાયરલ થયેલા આ વિડીયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે સિંહોનું આખું ટોળું અત્યંત શાંતિપૂર્ણ રીતે ગામના રસ્તાઓ અને આસપાસના ખુલ્લા ખેતરોમાં લટાર મારી રહ્યું છે. વન વિભાગના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, ગીર અને તેની આસપાસના વિસ્તારોમાં સિંહોની વસ્તીમાં સતત નોંધપાત્ર વધારો થઈ



રહ્યો છે. આ જ કારણસર વનરાજો પોતાના નવા રહેઠાણ અને ખોરાકની શોધમાં અવારનવાર માનવ વસાહતોની નજીક ચઢી આવતા હોય છે. હાલ વન વિભાગ દ્વારા આ સમગ્ર વિસ્તારમાં સિંહોનું સઘન મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે અને સ્થાનિક લોકોને રાત્રિના સમયે સાવધ રહેવા કડક સૂચનાઓ આપવામાં આવી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: તેરસ
તા.૩૧-૦૩-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૬:૪૩,
સૂર્યાસ્ત-૦૬:૪૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વા ફાલ્ગુની

### દૈનિક રાશિફળ

તા.૩૧-૦૩-૨૦૨૬ મંગળવાર

મેષ:આજે કોઈ પણ સરકારી કે અંગત બાબત સરળતાથી ઉકેલાઈ જશે. જેથી મન પ્રસન્ન રહેશે.

વૃષભ: કોઈ પણ ખાસ સમસ્યાનો પરસ્પર સમજૂતીથી ઉકેલ લાવી શકાય છે. સમય જતાં જૂના મતભેદો અને ગેરસમજણો દૂર થશે.

મિથુન: કોઈ ચોક્કસ મુદ્દા પર ચર્ચા થઈ શકે છે. ઘણી બાબતોમાં ધીરજ રાખવી જરૂરી છે.

કર્ક: સંતાન સંબંધિત કોઈ વિશેષ કાર્ય પૂર્ણ થવાથી રાહત મળશે. પરિવારના કોઈ સદસ્યના લગ્નને કારણે સારો સંબંધ આવી શકે છે.

સિંહ તમને છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી સમસ્યાઓમાંથી રાહત મળશે. અચાનક તમને ક્યાંકથી સહયોગ અને યોગ્ય સલાહ મળશે.

કન્યા: પરિવારના સભ્યો તમારી પાસેથી કેટલીક અપેક્ષાઓ રાખશે અને તમે તેને પૂર્ણ કરી શકશો.

તુલા: ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યોમાં પણ સમય પસાર થશે. કોઈપણ ભાવિ યોજના બનાવતી વખતે તમારા નિર્ણયને પ્રાથમિકતા આપો.

વૃશ્ચિક: ખોટી પ્રવૃત્તિઓ પર ધ્યાન આપ્યા વિના તમારા અંગત કાર્યો પર ધ્યાન કેન્દ્રિત કરો.

ધન : આજનો મોટાભાગનો સમય ઘરના કામમાં પસાર થઈ શકે છે. ધાર્મિક સંસ્થા સાથે જોડાયેલા કાર્યોમાં પણ તમે સહયોગ કરશો.

મકર: નજીકના સંબંધીની સમસ્યાના ઉકેલમાં તમારું વિશેષ યોગદાન રહેશે. તમારી હોશિયારી અને યોગ્યતાની પ્રશંસા કરવામાં આવશે.

કુંભ: પરિવાર સાથે મનોરંજન અને ખરીદી જેવી પ્રવૃત્તિઓમાં આનંદદાયક સમય પસાર થશે.

મીન: ઘરની સફાઈ અને અન્ય કાર્યોમાં સમય પસાર થશે. તમારા પ્રિયજન સાથે બેસો અને તમારી લાગણીઓ વ્યક્ત કરો.

## લીલીયા તાલુકા ભાજપ દ્વારા વાવ ગામે મન કી બાતનું શ્રવણ કરાયુ

અમરેલી,તા.૩૦

અમરેલી જિલ્લા ભાજપની સૂચના અનુસાર લીલીયા તાલુકા ભાજપ દ્વારા વાવ ગામે આવેલા ખોડિયાર માતાજીના મંદિર પરિસરમાં વડાપ્રધાનના ‘મન કી બાત’ કાર્યક્રમના શ્રવણ તેમજ ટિફિન મીટિંગનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા ભાજપના



મહામંત્રી રાજુભાઈ ભૂતેયા મુખ્ય વક્તા તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ, મહામંત્રીઓ ગૌતમભાઈ વિછીયા અને જીગ્નેશ ઝિંઝુવાડીયા સહિત ભીખાભાઈ ધોરાજીયા, અરૂણભાઈ પટેલ અને ભનુભાઈ ડાભી હાજર રહ્યા હતા. આ ઉપરાંત પૂર્વ તાલુકા તેમજ જિલ્લા પંચાયતના સદસ્યો, વિવિધ મોરચાના પ્રમુખો અને સ્થાનિક આગેવાનો તેમજ પક્ષના ઉત્સાહી કાર્યકરો ખૂબ મોટી સંખ્યામાં એકઠા થયા હતા.

## હનુમાન જયંતિ પર ભુરખીયા જતા પદયાત્રીઓ માટે સેવાકિય સ્ટોલનું આયોજન

અમરેલી, તા.૩૦

હનુમાન જયંતિ હોય ત્યારે પદયાત્રીઓ માટે રામેશ્વર ગૃપ અમરેલી દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે સેવાકિય સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૧ એપ્રિલના રોજ સેવાકિય સ્ટોલ પરબવાડી, લાઠીથી રામપરવાળા રસ્તે રામપર ગામે ખાતે શરૂ થશે. આ સેવાકિય સ્ટોલમાં પધારવા દિનેશભાઈ સાવલીયા અને રામેશ્વર ગૃપ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## અમરેલી જિલ્લામાંથી ૪ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૩૦

અમરેલી જિલ્લામાંથી પોલીસે ૪ પ્યાસી ઝડપીને ધોરણસરની કાર્યવાહી કરી હતી. ડુંગર, બગસરા, જાફરાબાદ, વરસડા ખાતેથી કેફી પીણું પીને ફરતાં ઈસમો પકડાયા હતા. લાઠીના કેરીયા ગામે ખારામાંથી ૬ લીટર અને ધામેલ ગામેથી ૨ લીટર મળી કુલ ૮ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

## જાફરાબાદમાં ભાજપ દ્વારા ‘મન કી બાત’ અને ટિફિન બેઠક યોજાઈ

જાફરાબાદ, તા.૩૦

જાફરાબાદ શહેરમાં ભાજપ પરિવાર દ્વારા ‘મન કી બાત’ કાર્યક્રમ અને ટિફિન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ નરેન્દ્ર મોદીના પ્રેરણાત્મક સંદેશ સાથે યોજાયો હતો. આ પ્રસંગે અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી અને મંડળ પ્રભારી રવુભાઈ ખુમાણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ સરમણભાઈ બારૈયાના ફાર્મ ખાતે યોજાયો હતો, જ્યાં નેતાઓએ કાર્યકરોને સંગઠન



મજબૂત બનાવવા અને આવનારી તાલુકા તથા જિલ્લા પંચાયત ચૂંટણી અંગે માર્ગદર્શન આપ્યું. બેઠક દરમિયાન કાર્યકરોને સક્રિય બની કામગીરી કરવાની સલાહ આપવામાં આવી અને જાફરાબાદમાં સંગઠન વધુ મજબૂત બનાવા માટે ટકોર પણ કરવામાં આવી. કાર્યક્રમના અંતે સૌ કાર્યકરો ટિફિન સાથે બેસી જમ્યા અને સંગઠનને વધુ મજબૂત બનાવવા ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

## અમરેલી પેરોલ ફર્લો સ્ક્વોડ દ્વારા વિદેશી દારૂની હેરાફેરીના કેસમાં ૩ માસથી નાસતો આરોપી ઝડપાયો

અમરેલી, તા.૩૦

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતની સૂચના મુજબ નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ અંતર્ગત એલ.સી.બી. ઈન્સ્પેક્ટર એ. ડી. ચાવડાના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્ક્વોડના સબ ઈન્સ્પેક્ટર એન. જી. સાપરા અને તેમની ટીમે મહત્વની સફળતા મેળવી છે. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આશરે ત્રણ માસ પહેલાં પોલીસને જોઈને બાવળની કાટમાં અંધારાનો લાભ લઈ નાસી ગયેલ આરોપી અલ્પેશભાઈ નગુભાઈ ગોહિલ (ઉંમર ૨૭, રહે. ઉમેજ, તા. ઉના)ને ટીમે બાતમીના આધારે નાગેશ્રી ટોલ નાકા પાસેથી દબોચી લીધો છે. ઉલ્લેખનીય છે કે, આરોપી બોલેરો પીકઅપ વાહનમાં રૂપિયા ૯,૩૫,૦૪૩ની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ ગેરકાયદેસર રીતે છુપાવીને હેરાફેરી કરતો હતો. વાહન સહિત કુલ રૂપિયા ૧૨,૮૫,૦૪૩નો મુદ્દામાલ મૂકીને આરોપી ફરાર થઈ ગયો હતો. હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સોર્સની મદદથી આખરે પોલીસે તેને ઝડપી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી માટે જાફરાબાદ મરીન પોલીસને સોંપવા તજવીજ હાથ ધરી છે.

**તંત્રી લેખ**

# હવે યુધ્ધ ટેન્ક દ્વારા નહીં, ટેકનોલોજી દ્વારા લડાશે

ભારતની સેના વિશે વિચારીએ ત્યારે મનમાં એક પરંપરાગત ચિત્ર ઊભું થાય છે-સૈનિકોની વિશાળ ટુકડીઓ, સરહદે તૈનાત બટાલિયનો, ટેન્કો અને તોપોનો ગડગડાટ. વર્ષો સુધી આ જ માળખું દેશની સુરક્ષાનો મજબૂત આધાર રહ્યું છે. આ મોડેલે ભૂતકાળમાં અનેક વિજયોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. પરંતુ આજના સમયની હકીકત એ છે કે યુધ્ધની પ્રકૃતિ મૂળભૂત રીતે બદલાઈ રહી છે, અને આ બદલાવને ધ્યાનમાં રાખીને આપણું રક્ષણ માળખું (સંરક્ષણ માળખું) ફરીથી વિચારવાની જરૂર છે.

આજના યુધ્ધોમાં પરંપરાગત સૈનિક શક્તિ સાથે સાથે ટેકનોલોજીનું પ્રભુત્વ વધી રહ્યું છે. ડ્રોન, સાયબર યુધ્ધ, કૃત્રિમ બુદ્ધિમત્તા (AI), સેટેલાઈટ સિસ્ટમ્સ અને લાંબા અંતરની મિસાઈલ્સ જેવી તકનીકો યુધ્ધના પરિણામો નક્કી કરી રહી છે. હવે માત્ર સૈનિકોની સંખ્યા જ શક્તિનું માપદંડ નથી બુદ્ધિશાળી ટેકનોલોજી અને ઝડપી માહિતી પ્રણાલીઓ પણ એટલી જ મહત્વપૂર્ણ બની ગઈ છે. આ પરિસ્થિતિમાં, પરંપરાગત મોટા દળો પર આધારિત સેનાનું મોડેલ લાંબા ગાળે પૂરતું સાબિત થઈ શકે તેમ નથી.

ભારતનો સંરક્ષણ ખર્ચ સતત વધી રહ્યો છે, જે દેશની સુરક્ષા પ્રત્યેની પ્રતિબધ્ધતાને દર્શાવે છે. છતાં, આ ખર્ચનો મોટો ભાગ માનવશક્તિ, પગાર અને પેન્શન જેવી જરૂરિયાતોમાં વપરાય છે. આથી આધુનિકીકરણ અને નવી તકનીકો માટે ફાળવાતો હિસ્સો પ્રમાણમાં ઓછો રહે છે. પરિણામે, ભવિષ્યના યુધ્ધ માટે જરૂરી આધુનિક સાધનો અને સંશોધન પર પૂરતું ધ્યાન કેન્દ્રિત થતું નથી. આ પરિસ્થિતિ લાંબા ગાળે ચિંતાજનક બની શકે છે.

વિશ્વના અન્ય વિકસિત દેશોનું ઉદાહરણ લઈએ તો તેઓ સંરક્ષણ બજેટનો મોટો હિસ્સો સંશોધન, વિકાસ અને અદ્યતન ટેકનોલોજી પર ખર્ચે છે. તે દેશો ભવિષ્યના યુધ્ધની તૈયારીમાં આગળ છે કારણ કે તેઓ સમજી ગયા છે કે ટેકનોલોજી વિના યુધ્ધ જીતવું હવે શક્ય નથી. ભારત માટે પણ આ દિશામાં આગળ વધવું અનિવાર્ય બની રહ્યું છે.

તાજેતરના સમયમાં કેટલીક નીતિઓ દ્વારા માનવશક્તિ ખર્ચ ઘટાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જોકે, આવા પ્રયાસોને સમાજ અને રાજકીય સ્તરે વિરોધનો સામનો કરવો પડે છે કારણ કે સેના માત્ર રક્ષણનું સાધન નથી, તે રોજગાર અને સામાજિક સુરક્ષાનો પણ એક મહત્વપૂર્ણ સ્ત્રોત બની ગઈ છે. પરંતુ આ વિચારધારા લાંબા ગાળે ટકાઉ નથી. સેનાનું મુખ્ય કાર્ય દેશની સુરક્ષા છે, નોકરીઓનું સર્જન કરવું નહીં. આથી, જરૂરી છે કે આપણે સંરક્ષણને કલ્યાણકારી દ્રષ્ટિકોણથી નહીં પરંતુ વ્યૂહાત્મક દ્રષ્ટિકોણથી જોઈએ. જો દેશને સુરક્ષિત રાખવો હોય, તો આધુનિકીકરણમાં રોકાણ વધારવું પડશે. સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવું પડશે અને નવી ટેકનોલોજીની ખરીદીમાં ગતિ લાવવી પડશે. આ માટે સંરક્ષણ બજેટની ફાળવણીમાં સંતુલન લાવવું જરૂરી છે.

અંતે, દેશની સુરક્ષા માટે માત્ર સંખ્યા નહીં પરંતુ બુદ્ધિ, નવીનતા અને ટેકનોલોજી પણ એટલી જ જરૂરી છે. હવે સમય આવી ગયો છે કે ભારત પોતાની સંરક્ષણ નીતિને નવી દિશામાં આગળ વધારવાનું સાહસ કરે.

# અખાતી યુધ્ધને કારણે ભારતીય ઉદ્યોગોને રાહત આપવા સરકાર એક્શન મોડમાં



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ભારત સરકારે વૈશ્વિક સંઘર્ષની વચ્ચે ઉદ્યોગો અને નાગરિકોની સુરક્ષા માટે ઐતિહાસિક પ્રયાસો કર્યા છે. ભારતીય નૌકાદળ દ્વારા ખનિજ તેલ અને ગેસના દરિયાઈ પરિવહનને સલામત કોરિડોર પૂરો પાડવામાં આવ્યો, જેથી ઊર્જા પુરવઠો અવિરત રહ્યો છે. ભારતના બંદરો સુધી જહાજોની સુરક્ષિત આવક સુનિશ્ચિત કરવામાં આવી છે. સાથે જ, ઈરાન સહિત સંઘર્ષગ્રસ્ત દેશોમાં ફસાયેલા ભારતીય નાગરિકોને સુરક્ષિત બહાર કાઢીને વતન લાવવાની કામગીરી વૈશ્વિક સ્તરે ભારતની કાર્યક્ષમતા અને સંવેદનશીલતાનું ઉત્તમ ઉદાહરણ બની રહી છે.

ભૌગોલિક રાજકારણના ઝપાટામાં ફસાયેલું આજનું વિશ્વ જાણે એક નવા યુધ્ધકાળમાંથી પસાર થઈ રહ્યું છે. પશ્ચિમ એશિયામાં સંઘર્ષની દૂરગામી અસરોએ વૈશ્વિક પુરવઠા શૃંખલા (Supply Chain) ને હચમચાવી નાખી છે. આ સંકટનો સૌથી મોટો માર સીધો ભારતના ઉદ્યોગો પર પડી રહ્યો છે. નાના કારખાનાથી માંડીને મોટા ઉત્પાદન સંકુલો સુધી, દરેક જગ્યાએ આ સંઘર્ષની છાયા દેખાઈ રહી છે. ગેસનો અભાવ હોય કે નૂર (દરિયાઈ ભાડું) ના વધતા ભાવ, કાચા માલની અનિશ્ચિતતા હોય કે લોનનો બોજ આ બધી પરિસ્થિતિઓ વચ્ચે ઉદ્યોગોએ સરકારના દરવાજા ખટખટાવ્યા છે અને તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરી છે. સરકાર પણ વૈશ્વિક અર્થતંત્ર પર પડતી અસરોનું મૂલ્યાંકન કરી રહી છે અને રાષ્ટ્રના ઔદ્યોગિક પરિદૃશ્ય સામે ઊભા થતા પડકારોનું વિશ્લેષણ કરી રહી છે.

ઉદ્યોગો પર પડેલી અસરોથી ઉત્પાદન થંભ્યું.ભારતીય ઉદ્યોગો હાલમાં એક સાથે અનેક મોરચે ઘેરાયેલા છે. સૌથી મોટો ફટકો કુદરતી ગેસની ઉપલબ્ધતાના અભાવે લાગ્યો છે. સિરામિક્સ હોય, ડાઈંગ યુનિટ્સ હોય, સ્ટીલ અને એલ્યુમિનિયમના ભઠ્ઠા હોય કે પ્લાસ્ટિક ઉદ્યોગ-ગેસની તંગીએ ઉત્પાદનની ગતિ પર મોટો બ્રેક લગાવ્યો છે. ઘણા એકમોમાં ભઠ્ઠીઓ બંધ કરવાની નોબત આવી ગઈ છે, જેની સીધી અસર ખાદ્ય પેકેજિંગ, ફાર્માસ્યુટિકલ કન્ટેનર અને રસી સંગ્રહ જેવા સંવેદનશીલ ક્ષેત્રો પર પડી રહી છે.

ઉદ્યોગોએ સરકાર સમક્ષ એક સ્પષ્ટ તકનીકી પ્રાથમિકતા નક્કી કરવાની માંગ કરી છે. કાચ, સ્પેશિયાલિટી કેમિકલ્સ અને સિરામિક્સ જેવા ક્ષેત્રો માટે આગામી ચારથી છ અઠવાડિયા સુધી ઓછામાં ઓછા એંસીથી નેવું ટકા એલએનજી (LNG) પુરવઠો સુનિશ્ચિત કરવાની દરખાસ્ત કરવામાં આવી છે. આ માંગણી ઉદ્યોગોની નાજુક સ્થિતિને પ્રતિબિંબિત કરે છે, જ્યાં થોડા અઠવાડિયાનો પણ વિક્ષેપ સમગ્ર પુરવઠા શૃંખલાને તોડી નાખી શકે છે.

ગેસની તંગી એ એકમાત્ર સમસ્યા નથી. દવાઓથી માંડીને કાચ, સલ્ફર, સોલ્વન્ટ્સ અને પોલિમર સુધીના આવશ્યક ઈનપુટ્સની સપ્લાય ચેઈનમાં ભારે વિક્ષેપ સર્જાયો છે. ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ માટે આ સંકટ બમણું ઘાતક બન્યું છે. પશ્ચિમ એશિયામાં સંઘર્ષના કારણે ચીની કંપનીઓએ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસની દવાઓમાં વપરાતા સક્રિય ફાર્મા ઘટકો (API) ના ભાવમાં વધારો કર્યો છે, જેનો બોજ આખરે સામાન્ય નાગરિકે વહન કરવો પડશે.

ખાતર ઉદ્યોગ પણ અસ્થિરતાના કેન્દ્રમાં છે. પોટાશ માટે કેનેડા, યુરિયા માટે રશિયા અને ઈજિપ્ત જેવા વૈકલ્પિક બજારો શોધવાની હાકલ ઉઠી છે. સલ્ફરની સ્થિતિ પણ સમાન છે, જ્યાં રશિયા, અમેરિકા અને કઝાકિસ્તાનમાંથી સોર્સિંગ કરવાની સાથે જ નિકાસ પર પ્રતિબંધો મૂકવાનો પ્રસ્તાવ કરવામાં આવ્યો છે. આ તમામ દરખાસ્તો એક જ વાસ્તવિકતા તરફ ઈશારો કરે છેઃ વૈશ્વિક પુરવઠા શૃંખલા અત્યંત નાજુક છે અને તેને તાત્કાલિક વૈવિધ્યીકરણની જરૂર છે.

આ અસર માત્ર દરિયાઈ પરિવહન પૂરતી મર્યાદિત નથી. નિકાસ-આયાત રેલ કાર્ગો પર પણ તેની પ્રતિકૂળ અસર જોવા મળી છે. ચોક્કસ વિસ્તારોમાં કાર્ગોનું પ્રમાણ ચાલીસ ટકા સુધી ઘટી ગયું છે. ઓપરેટરોને લગભગ પચાસ રેક સ્થિર (ઉભા) કરવાની ફરજ પડી છે, જ્યારે ખાલી વેગનની હિલચાલ સામાન્ય સમયના પાંચ ટકાની સરખામણીમાં પંદરથી વીસ ટકા સુધી વધી ગઈ છે. આ પરિસ્થિતિમાં સમયબધ્ધ નૂર સહાય પધ્ધતિ, ખાસ કરીને નાના વ્યવસાયો માટે અનિવાર્ય બની છે.

રસાયણો અને પેટ્રોકેમિકલ્સનો ઉદ્યોગ પણ ઊંડા સંકટમાંથી પસાર થઈ રહ્યો છે. ખર્ચમાં થયેલા અભૂતપૂર્વ વધારાને કારણે આ ક્ષેત્રે આગામી ત્રણથી છ મહિના માટે ટેરિફ સ્થગિત કરવા અથવા ઘટાડવાની માંગણી કરી છે. વધતા ઈનપુટ ખર્ચ અને અનિશ્ચિત પુરવઠાના કારણે ઉત્પાદન ખર્ચ એટલો વધી ગયો છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં સ્પર્ધા કરવી મુશ્કેલ બની રહી છે.

ઈંધણથી લઈને વીમા સુધી સંકટનો સામનો કરવા માટે ઉદ્યોગોએ અનેક વૈકલ્પિક ઉકેલો પણ સૂચવ્યા છે. વૈકલ્પિક ઈંધણ જેવા કે ફર્નેસ ઓઈલ, ડીઝલ અને રસોઈ ગેસની સરળ પહોંચ મેળવવાની માંગણી કરવામાં આવી છે. બેવડી ઈંધણ ક્ષમતા ધરાવતા ઔદ્યોગિક અને વાણિજ્યિક વપરાશકર્તાઓને એલપીજી કરતાં પાઈપ ગેસને પ્રાથમિકતા આપવાની છૂટ આપવાનો પ્રસ્તાવ છે.

મધ્યમથી લાંબા ગાળાના ઉકેલ તરીકે સ્થાનિક 'યુધ્ધ-જોખમ વીમા' ફ્રેમવર્ક વિકસાવવાની હાકલ ઉઠી છે. સંઘર્ષ-સંબંધિત દરિયાઈ વિક્ષેપોના કારણે આંતરરાષ્ટ્રીય વીમા કંપનીઓએ પ્રીમિયમમાં મોટો વધારો કર્યો છે, જેનો બોજ નિકાસકારોને ઉઠાવવો પડી રહ્યો છે. સ્થાનિક વીમા વ્યવસ્થા આ ખર્ચને નિયંત્રિત કરી શકે છે.

એક અગત્યનો ઉકેલ હવાઈ નૂર ક્ષેત્રે પણ સૂચવવામાં આવ્યો છે. મધ્ય એશિયા, પૂર્વ આફ્રિકા અને દક્ષિણપૂર્વ એશિયામાં વૈકલ્પિક રૂટિંગ સાથે દ્વિપક્ષીય હવાઈ નૂર કરારો માટે ફરીથી માંગ કરવામાં આવી રહી છે. આવા કરારો હવાઈ માલસામાનના પ્રવાહને સરળ બનાવી શકે છે અને વધતા ખર્ચને અમુક અંશે નિયંત્રિત કરી શકે છે. રેલવે અને સડક પરિવહનની સ્થિતિ ચિંતાજનક બની છે. રેલવે તરફથી થોડી રાહત મળી છે, પરંતુ પરિસ્થિતિ હજુ સુધારાની માંગ કરે છે. રોડ ડેવલપર્સ માટે ભાડાની અસ્થિરતા એક મુખ્ય ચિંતા બની ગઈ છે. બિટ્યુમેનના ખર્ચમાં ચાલીસ ટકા સુધીનો વધારો થયો છે, જેના કારણે પ્રોજેક્ટ્સની સમયમર્યાદા લંબાવવાની ફરજ પડી છે. આની અસર ફક્ત બાંધકામ ક્ષેત્ર પર જ નહીં, પરંતુ સમગ્ર અર્થતંત્રની ગતિ પર પડે છે.

ભારત માટે તક અને પડકાર બંને આ વૈશ્વિક સંદર્ભમાં ભારત માટે પડકારો તો છે, પરંતુ તકો પણ ઓછી નથી. વૈશ્વિક કંપનીઓ ચીનમાંથી ઉત્પાદન બહાર લઈ જવા માંગે છે અને ભારત આ માટે એક મજબૂત વિકલ્પ તરીકે ઊભરી રહ્યું છે. પરંતુ આ તકનો લાભ લેવા માટે ઉદ્યોગોને સ્થિર ઊર્જા પુરવઠો, સુધારેલી લોજિસ્ટિક્સ અને સરળ નિયમનકારી વાતાવરણની જરૂર છે. વર્તમાન સંકટ આ ક્ષેત્રોમાં સુધારાની અનિવાર્યતા દર્શાવે છે.

સરકારે પણ આ ચિંતાઓને ગંભીરતાથી લીધી છે. ઉદ્યોગોના સૂચનો પર વિચારણા ચાલી રહી છે અને જરૂરી હસ્તક્ષેપોની રૂપરેખા તૈયાર થઈ રહી છે. પરંતુ સમયની માંગ છે કે આ હસ્તક્ષેપો ઝડપી અને અસરકારક હોય, કારણ કે નાના ઉદ્યોગોની ધીરજની મર્યાદા ઓછી હોય છે.

સંકટમાંથી સંકલ્પ તરફ ગતિ ભારતીય ઉદ્યોગો આજે એક ઐતિહાસિક મોડ પર ઊભા છે. એક તરફ વૈશ્વિક અસ્થિરતા અને પુરવઠાની અનિશ્ચિતતા છે, તો બીજી તરફ આત્મનિર્ભર ભારતનો સંકલ્પ છે. ગેસની તંગી હોય, નૂરના વધતા ભાવ હોય, કાચા માલની અછત હોય કે લોનનો બોજ-દરેક સમસ્યાનો ઉકેલ શક્ય છે, પરંતુ તે માટે સરકાર, ઉદ્યોગ અને નાણાકીય સંસ્થાઓ વચ્ચે અભૂતપૂર્વ સંકલનની જરૂર છે.

વૈશ્વિક અર્થતંત્રનું ભવિષ્ય અનિશ્ચિત છે, પરંતુ ભારતીય ઉદ્યોગોએ ઈતિહાસમાં અનેક વખત સાબિત કર્યું છે કે સંઘર્ષની વચ્ચે પણ તેઓ નવી ઊંચાઈઓ સર કરી શકે છે. આ સમય પણ તેવો જ છે. જરૂર છે માત્ર યોગ્ય નીતિગત હસ્તક્ષેપ, સમયસર નાણાકીય રાહત અને એક સંકલિત દ્રષ્ટિની. માર્ચનો આ મહિનો, જે ઈતિહાસમાં અનેક વખત પરિવર્તનનું બિંદુ રહ્યો છે, કદાચ ભારતીય ઉદ્યોગો માટે પણ એક નવા અધ્યાયનો પ્રારંભ બની શકે છે-એવો અધ્યાય જ્યાં સંકટને તકમાં પરિવર્તિત કરવાની અદ્ભુત તાકાત હોય.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૫૧૯ | ૮૪૩ |
| લીંબુ | ૧૬૨૧ | ૩૨૦૫ |
| સાકરટેટી | ૨૦૨ | ૩૪૮ |
| તરબુચ | ૧૫૪ | ૩૦૦ |
| પપૈયા | ૬૫ | ૧૧૦ |
| બટેટા | ૮૯ | ૨૫૩ |
| ડુંગળી સુકી | ૫૬ | ૨૪૦ |
| ટમેટા | ૧૪૨ | ૩૧૧ |
| સુરણ | ૮૧૭ | ૧૦૫૨ |
| કોથમરી | ૨૨૧ | ૩૨૩ |
| સકરીયા | ૩૧૯ | ૫૨૬ |
| મુળા | ૩૯૨ | ૬૪૬ |
| રીંગણા | ૨૦૮ | ૪૧૫ |
| કોબીજ | ૫૫ | ૯૪ |
| ફ્લાવર | ૨૮૧ | ૪૬૯ |
| ભીંડો | ૭૧૭ | ૯૮૮ |
| ગુવાર | ૮૧૪ | ૧૨૫૮ |
| ચોળાસીંગ | ૫૬૯ | ૮૦૨ |
| વાલોળ | ૫૮૯ | ૮૦૫ |
| ટીંડોળા | ૫૨૫ | ૧૦૦૨ |
| દુધી | ૧૪૯ | ૨૯૮ |
| કારેલા | ૪૬૮ | ૬૧૧ |
| સરગવો | ૨૧૯ | ૪૬૮ |
| તુરીયા | ૪૫૯ | ૭૦૩ |
| પરવર | ૮૧૯ | ૧૦૫૯ |
| કાકડી | ૩૧૫ | ૫૧૯ |
| ગાજર | ૧૭૯ | ૩૧૧ |
| વટાણા | ૧૦૧૦ | ૧૨૧૨ |
| ગલકા | ૪૨૯ | ૬૧૩ |
| બીટ | ૬૮ | ૧૦૫ |
| મેથી | ૧૭૨ | ૨૬૭ |
| વાલ | ૭૨૬ | ૯૫૯ |
| ડુંગળી લીલી | ૧૮૯ | ૩૦૭ |
| આદુ | ૧૦૨૧ | ૧૨૨૮ |
| મરચા લીલા | ૪૧૬ | ૬૨૪ |
| લસણ લીલું | ૮૩૧ | ૧૨૩૪ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૪૦ | ૩૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૨૦૦ |
| કોબી | ૪૦ | ૧૬૦ |
| દુધી | ૪૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૪૦ | ૪૦૦ |
| કાકડી | ૧૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૪૦ | ૩૦૦ |
| ભીંડો | ૧૮૦ | ૮૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૧૦૦ | ૩૦૦ |
| ટિંડોરા | ૧૮૦ | ૭૦૦ |
| તુવેર | ૪૦૦ | ૫૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૩૦૦ |
| વટાણા | ૨૦૦ | ૧૫૦૦ |
| શક્કરીયા | ૧૦૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૩૦૦ | ૧૪૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૪૦ |
| ડુંગળી પુરા | ૮ | ૧૦ |
| કોથમીર પુરા | ૫ | ૮ |
| મૂળા પુરા | ૮ | ૧૨ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| કાચા કેળા | ૧૪૦ | ૨૦૦ |
| પચકારુ | ૧૦૦ | ૩૦૦ |
| ગુંદા | ૭૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૨૮૦૦ |
| મેથી પુરા | ૨ | ૭ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| સરગવો પુરા | ૧૦ | ૨૦ |
| ચોરા | ૧૮૦ | ૧૦૦૦ |
| કારેલા | ૧૬૦ | ૬૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૨૦ | ૧૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૨૦૦ |
| લસણ પુરા | ૪ | ૧૨ |
| પાલક પુરા | ૨ | ૬ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૬૦ | ૨૩૦ |
| રીંગણા | ૨૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૭૦ | ૧૦૦ |
| શકકરીયા | ૪૦૦ | ૫૦૦ |
| ટમેટાં | ૧૫૦ | ૨૦૦ |
| સુરણ | ૭૦૦ | ૮૦૦ |
| ગાજર | ૨૦૦ | ૨૫૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૧૦૦ | ૧૫૦ |
| ગુવાર | ૫૦૦ | ૯૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૭૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ચોળા લીલા | ૫૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૨૦૦ | ૩૦૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| ગુંદા | ૭૦૦ | ૯૦૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૨૫૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૩૦૦ | ૪૦૦ |
| ફોદીનો | ૩૦૦ | ૪૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૨૦૦ | ૨૫૦ |
| સરગવો | ૧૫૦ | ૨૫૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૨૨૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૯૦૦ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૨૦૦ |
| લસણ લીલું | ૮૦૦ | ૯૦૦ |
| લસણ સુકું | ૧૬૦૦ | ૧૮૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૨૫૦ |
| લીબુ | ૨૦૦૦ | ૨૩૦૦ |
| પાલક | ૩૦૦ | ૪૦૦ |

# શેરબજાર કડડભૂસ : એક જ દિવસમાં રોકાણકારોના રૂા.૯.૪૩ લાખ કરોડ સ્વાહા



મુંબઈ,તા.૩૦

ભારતીય શેરબજાર માટે આજનો દિવસ ભારે નુકસાનકારક સાબિત થયો છે. બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીએ આજે સતત બીજા સત્રમાં ભારે વેચવાલીના દબાણનો સામનો કરવો પડ્યો છે. આ આક્રમક વેચાણના કારણે સેન્સેક્સ ૨૬ મહિનામાં પ્રથમ વખત ૭૨ હજારની મહત્વપૂર્ણ સપાટીથી નીચે સરકીને બંધ રહ્યો છે. બજારના આ મોટા ઘટાડાના કારણે રોકાણકારોને એક જ દિવસમાં આશરે ૯.૪૩ લાખ કરોડ રૂપિયાનું જંગી નુકસાન સહન કરવું પડ્યું છે. આ ઐતિહાસિક ઘટાડા પાછળ વૈશ્વિક અને સ્થાનિક પરિબળો જવાબદાર છે. સૌથી મોટું કારણ આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવ વધીને ૧૧૫ ડોલર પ્રતિ બેરલની સપાટીને પાર કરી જવું માનવામાં આવે છે. આ સિવાય ભારતીય રૂપિયામાં આવેલો રેકોર્ડબ્રેક ઘટાડો પણ બજારને નડી ગયો છે, જ્યાં રૂપિયો અમેરિકી ડોલર સામે પ્રથમ વખત ૯૫ ના સ્તરને વટાવી ગયો હતો. આરબીઆઈના ફોરેક્સ અંગેના કડક નિર્ણય બાદ બેન્કિંગ શેરોમાં પણ ભારે નુકસાન જોવા મળ્યું હતું. વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા સતત થઈ રહેલી વેચવાલીએ બજારનો આત્મવિશ્વાસ ડગમગાવી દીધો છે. આજના ટ્રેડિંગ સેશનમાં સેન્સેક્સ ૧,૬૩૫.૬૭ પોઈન્ટ્સ ઘટીને ૭૧,૯૪૭.૫૫ પર જ્યારે નિફ્ટી ૪૮૮.૨૦ પોઈન્ટ્સ ઘટીને ૨૨,૩૩૧.૪૦ ના સ્તરે બંધ થયો છે. માર્ચ મહિનામાં બન્ને ઈન્ડેક્સમાં અંદાજે ૧૦.૫ ટકાનો ઘટાડો નોંધાયો છે, જે માર્ચ ૨૦૨૦ ના કોરોના કાળ પછીનો સૌથી ખરાબ મહિનો સાબિત થઈ રહ્યો છે.

# આરબીઆઈ દ્વારા તા. ૧ થી ડિજિટલ પેમેન્ટ માટે નવા નિયમો અમલી

મુંબઈ,તા.૩૦


વર્તમાન સમયમાં ફિશિંગ અને સિમ-સ્વેપ જેવા ડિજિટલ ફ્રોડના કિસ્સાઓમાં ધરખમ વધારો થયો છે. અનેક નિર્દોષ લોકો અજાણતા આવા સાયબર ફ્રોડના સકંજામાં ફસાય છે, ત્યારે આ બાબતને ખાસ ધ્યાનમાં રાખીને ભારતીય રિઝર્વ બેંકે ડિજિટલ પેમેન્ટ સિસ્ટમને અત્યંત સુરક્ષિત બનાવવા માટે નવા આકરા નિયમો જાહેર કર્યા છે. પહેલી એપ્રિલથી અમલમાં આવનારા આ નિયમો અંતર્ગત આરબીઆઈ દ્વારા 'પ્રિન્સિપલ બેસ્ડ ફ્રેમવર્ક' લાગુ કરવામાં આવશે. આ માળખા હેઠળ હવે યુપીઆઈ, કાર્ડ કે વોલેટ જેવા માધ્યમોથી થતા ડિજિટલ ટ્રાન્જેક્શન માટે 'ટુ-ફેક્ટર ઓથેન્ટિકેશન' ફરજિયાત કરવામાં આવ્યું છે. આનો અર્થ એ થાય છે કે હવે ટ્રાન્ઝેક્શન કરવા માટે માત્ર એસએમએસ પર આવતો ઓટીપી પૂરતો નહીં ગણાય, પરંતુ ગ્રાહકોએ ઓછામાં ઓછા બે જુદા અને સ્વતંત્ર વેરિફિકેશન ફેક્ટરમાંથી પસાર થવું પડશે. આ વેરિફિકેશન માટે બેંકો અને પેમેન્ટ કંપનીઓ ગ્રાહકોના બાયોમેટ્રિક્સ, પિન, પાસવર્ડ કે બેંકિંગ એપ ટોકન જેવા મજબૂત વિકલ્પોનો ઉપયોગ કરી શકશે. નવા નિયમો મુજબ જો સિક્યોરિટી સિસ્ટમની ખામીના કારણે ગ્રાહકોને આર્થિક નુકસાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત બેંક અથવા પેમેન્ટ કંપનીની રહેશે.

# ફરી સોના-ચાંદીના ભાવમાં ઉછાળો, ૧૦ ગ્રામ સોનુ ૧.૪૬ લાખે પહોંચ્યુ

મુંબઈ,તા.૩૦

ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, આજે સોના અને ચાંદી બંને કિંમતોમાં ભારે ઉછાળો જોવા મળ્યો છે. ૨૪ કેરેટ સોનાનો ભાવ ૧૦ ગ્રામ દીઠ રૂ.૩,૦૦૦ વધીને રૂ.૧.૪૬ લાખ પર પહોંચી ગયો છે. બીજી તરફ, ચાંદીના ભાવમાં પણ કિલો દીઠ રૂ.૬,૦૦૦નો તોતિંગ વધારો થયો છે, જેનાથી તેની કિંમત હવે રૂ.૨.૨૮ લાખ થઈ ગઈ છે. ચાલુ વર્ષની શરૂઆતથી જ સોનામાં રોકાણકારોને મોટો નફો મળી રહ્યો છે. ગયા વર્ષના અંતે સોનું રૂ.૧.૩૩ લાખ પ્રતિ ૧૦ ગ્રામના સ્તરે હતું, જે હવે વધીને રૂ.૧.૪૬ લાખ થયું છે. આમ, આ વર્ષે અત્યાર સુધીમાં સોનાના ભાવમાં રૂ.૧૩,૦૦૦નો વધારો નોંધાયો છે જોકે, ચાંદીના ભાવમાં આ સમયગાળા દરમિયાન રૂ.૨,૦૦૦નો ઘટાડો જોવા મળ્યો છે. નિષ્ણાતો જણાવે છે કે સોનું હાલમાં 'કરેક્શન ફેઝ'માંથી પસાર થઈ રહ્યું છે. ટૂંકા ગાળા માટે ભલે આ ગતિ નબળી લાગે, પરંતુ લાંબા ગાળે સોનામાં તેજીનો ટ્રેન્ડ અકબંધ છે. તેથી રોકાણકારો માટે આ થોડું-થોડું રોકાણ કરવાનો શ્રેષ્ઠ સમય છે.

# શબ્દ સંજોગ-૨૧૭૧



**આડી ચાવી :**
(૧) ગરમીનું માપ (૫)
(૨) ખ્રિસ્તી ધર્મોપદેશક (૩)
(૪) રોગના જંતુઓની બનાવેલ દવા (૨)
(૬) પ્રકાર, તરેહ (૨)
(૯) પરત, પાછું (૩)
(૧૦) વાંદરો, કપિ (૩)
(૧૧) જળ, પાણી (૨)
(૧૫) મોકલેલું, વિદાય કરેલું (૩)
(૧૭) ઈનામ દાખલ સરકાર તરફથી મળેલી જાગીર (૩)
(૧૮) બોર (૩)
(૨૦) બદનામી પામેલું (૪)
(૨૧) ગમ, સૂજ (૩)
(૨૨) બાળભાષામાં ખાવાનું (૨)
(૨૩) ખોલી, ઓરડી (૩)
(૨૫) બબ્બેની જોડીમાં રમાતો એક નૃત્ય પ્રકાર (૨)

**ઉભી ચાવી :**
(૧) બાણાસુરની પુત્રી (૨)
(૩) એક પ્રખ્યાત મોઘલ બાદશાહ (૪)
(૫) એક ધાન્યના દાણા (૩)
(૭) તાંબુ (૨)
(૮) રીત અને રીવાજ (૫)
(૧૨) માતા, બા (૧)
(૧૩) રેલ્વેનું બોગદું, ભોયરું (૩)
(૧૪) ચણીયારામાં ફરતો કમાડનો ખીલો (૨)
(૧૬) ઈલાકાનો વડો હાકેમ (૪)
(૧૯) વચન, કથન (૨)
(૨૦) ખરાબ, હીન (૨)
(૨૧) સિવાય, વગર (૨)
(૨૨) મનુષ્ય તરીકેની જીંદગી (૩)
(૨૪) ભાવ, કિંમત (૨)
(૨૫) રઘુપતિ રાઘવ રાજા...... (૨)
(૨૬) રચવું, બનાવવું તે (૩)
(૨૭) પાણી પીવાની ઈચ્છા (૩)
(૨૮) વ્યવહાર, કામકાજ (૨)
(૨૯) નાશવંત, મરવાના નસીબવાળું (૨)

# શબ્દ સંજોગ-૨૧૭૦ જવાબ

**આડી ચાવી** : (૧) ઈંટરનેટ (૫) ટુચકો (૭) ધનવાન (૮) ટાંક (૧૦) ડીરિયો (૧૩) ભૂગોળ (૧૫) વાપી (૧૬) વાયલ (૨૧) યાતના (૨૩) વજન (૨૫) તર (૨૬) હાજત (૨૭) અતિ (૨૮) જખમ (૨૯) નવાન્ન **ઉભી ચાવી** : (૧) ઈંધણ (૨) ટન (૩) રવાના (૪) નેન (૫) ટુકડી (૬) કોળીયો (૯) ડિંગો (૧૧) રિયાલ (૧૨) વાપી (૧૩) ભૂપ (૧૪) ળવા (વાળ) (૧૫) વાહિયાત (૧૭) યજન (૧૮) બેના (૧૯) સાવજ (૨૦) ભૂમિતિ (૨૨) તરજ (૨૪) જતન (૨૬) હામ (૨૭) અન્ન.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમદાવાદમાં ૧૮ બેંકોના કેશ ડિપોઝિટ મશીન દ્વારા લાખોની નકલી નોટો ઘૂસાડવાનું ષડયંત્ર

અમદાવાદ,તા.૩૦

અમદાવાદની ૧૮ જેટલી ખાનગી અને રાષ્ટ્રીયકૃત બેંકોમાં બે વર્ષમાં નકલી નોટો પધરાવી દેવાનું મોટું કૌભાંડ સામે આવ્યું છે. ગુનેગારોએ કેશ ડિપોઝિટ મશીનો (CDM) અને બેંક કાઉન્ટર દ્વારા રૂ.૫.૬૭ લાખની કિંમતની કુલ ૧,૬૫૯ નકલી નોટો ઘૂસાડી દીધી છે. એસ.ઓ.જી.ના એ.એસ.આઈ. લિયાકતઅલીએ આ મામલે અજાણી વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધાવી છે. રિપોર્ટ અનુસાર, સૌથી વધુ નકલી નોટો ICICI, HDFC અને RBI માંથી મળી આવી છે. પકડાયેલી નોટોમાં રૂ.૫૦૦ ની ૮૯૫, રૂ.૨૦૦ ની ૩૭૪, રૂ.૧૦૦ ની ૨૭૪ અને રૂ.૫૦ ની ૧૧૦ નોટોનો સમાવેશ થાય છે. આશ્ચર્યની વાત એ છે કે આમાં વર્ષો પહેલા બંધ થયેલી રૂ.૨,૦૦૦ ના દરની ૦૬ નોટો પણ સામેલ છે! આ ઉપરાંત ડુપ્લિકેટ નોટોમાં કલર ઝેરોક્ષ અને ચિલ્ડ્રન બેંકની નોટો પણ મળી આવી છે. હાલમાં પોલીસ બેંકોના સીસીટીવી ફૂટેજ ચકાસીને આ ષડયંત્રના માસ્ટરમાઈન્ડ સુધી પહોંચવા માટે તપાસ કરી રહી છે.

**નગરપાલિકાએ મોટા ઉપાડે રોડ ખોદી નાખ્યા બાદ ઘણા સમયથી કામ ચાલુ કરવામાં આવ્યુ નથી**

# અમરેલીના હનુમાનપરાનો રોડ ખોદી નાખ્યા બાદ બનાવવામાં ન આવતા લોકરોષ

**પાલિકા દ્વારા રસ્તાની કામગીરી ચાલુ કરવામાં નહી આવે તો મુખ્યમંત્રીને રજૂઆત કરવા રહેવાસીઓની ચિમકી**



અમરેલી,તા.૩૦

અમરેલી નગરપાલિકા દ્વારા વિકાસના મોટા બૂંણગા ફેંકી રહી છે. જો કે હનુમાનપરામાં વિકાસની પરિભાષા જ નગરપાલિકાએ બદલી નાખી છે. નગરપાલિકાએ આ વિસ્તારના લોકોને સુવિધા આપવાને બદલે દુવિધા ઉભી કરી હોવાથી હનુમાનપરા વિસ્તારના લોકોમાં પાલિકા સામે રોષ ફેલાયો છે. અમરેલીના હનુમાનપરામાં લોકોને સુવિધા આપવા માટે મોટા ઉપાડે રસ્તો ખોદી નાખ્યો હતો. છેવાડાના વિસ્તારમાં રસ્તાનું કામ શરૂ થનાર હોવાથી વિસ્તારવાસીઓમાં પણ આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી. જો કે નગરપાલિકાએ વિકાસના કામ માટે વિસ્તારવાસીઓને કોણીએ ગોળ લગાડ્યો હોય તેવો ઘાટ સર્જાયો છે. પાલિકાએ રસ્તો ખોદી નાખી મસમોટા પથ્થર નાખ્યા બાદ કોઈ કામગીરી કરવામાં ન આવતા રહેવાસીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યાં છે. જાગૃત રહેવાસીઓએ રસ્તાનું કામ શરૂ કરવા માટે નગરપાલિકાના સત્તાધીશો સમક્ષ વારંવાર રજૂઆતો કરી છે પરંતુ સત્તાધીશોના પેટનું પાણી હલતુ નથી. આથી આવતીકાલે અમરેલી આવતા મુખ્યમંત્રીને વિસ્તારવાસીઓએ રૂબરૂ રજૂઆત કરી પાલિકાના શાસનની પોલ ખોલશે તેવી ચિમકી ઉચ્ચારી છે.

**શાળાએ જતા બાળકો અકસ્માતનો ભોગ બને છે**

**હનુમાનપરા વિસ્તારમાં ત્રણ શાળાઓ આવેલી હોવાથી આ માર્ગ પર અનેક વિદ્યાર્થીઓ સાયકલ અને વાલીઓ બાઈક સાથે મુસાફરી કરી છે. રસ્તા પર મસમોટા પથ્થર નાખેલા હોવાથી ટાયરમાં પથ્થર આવતા હોવાથી ઘણીવાર વિદ્યાર્થીઓ અકસ્માતનો ભોગ બને છે. આટલા ગંભીર અકસ્માત બાદ પણ પાલિકાના સત્તાધીશો અને અધિકારીઓ આ બાબતે કોઈ ધ્યાન આપતા નથી. જેથી પાલિકા સામે લોકો રોષે ભરાયા છે.**

**પ્રદેશ કિસાન મોરચાના પ્રમુખ કરમસદની મુલાકાતે**



ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચાના પ્રમુખ હિરેનભાઈ હિરપરા અને દિનેશભાઈ નાકરાણીએ સરદાર વલ્લભભાઈ પટેલના જન્મસ્થળ કરમસદ ગામની મુલાકાત લઈ સરદાર સાહેબના આશીર્વાદ મેળ્યા હતા.

# થાનમાં મૃત્યુ પામેલા વ્યક્તિના નામે રોયલ્ટી પાસથી ચાલતું ખનીજ ચોરીનું કૌભાંડ ઝડપાયું

સુરેન્દ્રનગર,તા.૩૦

સુરેન્દ્રનગરના થાનના ગૂગલિયાણામાં એક ચોંકાવનારું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે, જ્યાં પાંચ વર્ષ પહેલાં કોરોનામાં મૃત્યુ પામેલા લીઝ ધારક હસમુખભાઈ સચદેવના નામે રોયલ્ટી પાસ ઈશ્યુ કરીને ખનીજ ચોરી કરવામાં આવતી હતી. ચોટીલાના નાયબ કલેક્ટર અને થાન મામલતદારની ટીમે ગૂગલિયાણા સ્થિત 'કેશવ કોલ ઈન્ડસ્ટ્રીઝ' પર અચાનક દરોડો પાડતા આ સમગ્ર ભાંડો ફૂટ્યો છે. તપાસ દરમિયાન સ્થળ પરથી આવા કુલ ૭૭૪ બોગસ રોયલ્ટી પાસ મળી આવ્યા હતા. આરોપીઓ સાયલા તાલુકાના ચોરવીરા, ઈશ્વરિયા અને ચિત્રલાખા જેવા વિસ્તારોની ગેરકાયદેસર ખાણોમાંથી કાઢેલા કોલસા (કાર્બોસેલ) ને કાયદેસર બતાવવા માટે આ પાસનો ઉપયોગ કરતા હતા. તંત્રએ સ્થળ પરથી જેસીબી, લોડર અને કાર્બોસેલ સહિત કુલ રૂપિયા ૭૮.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ઓફિસ સીલ કરી છે.

# ધોરાજીમાં બસ અકસ્માતના અસરગ્રસ્તોને સરકારી સહાય માટે મનસુખ માંડવીયાને કરાઈ રજૂઆત

ધોરાજી,તા.૩૦




તસવીર : નયન કુહાડીયા

ધોરાજી શહેર ભાજપ બક્ષીપંચ મોરચાએ કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા સમક્ષ તાજેતરમાં ધોરાજીમાં બસ પલટી ખાઈ જતા ઈજાગ્રસ્તો અને મૃત્યુ પામનારના વારસદારોને મુખ્યમંત્રી રાહત ફંડમાંથી આર્થિક સહાય અપાવવા માટે રજૂઆત કરી હતી. આ અંગે મોરચાના પ્રમુખ રાજીવભાઈ ચાવડા અને ટીમે કેન્દ્રીય મંત્રીના ઉપલેટા ખાતેના ભાજપ કાર્યાલય ખાતે મળીને લેખિતમાં રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ તમામ લોકો પછાત વર્ગના અને ગરીબ સ્થિતિમાં રોજબરોજનું કામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. કેન્દ્રીય મંત્રીએ આ બાબતે મુખ્યમંત્રીને રજૂઆત કરવા આશ્વાસન આપ્યું હતું.

# કોડીનાર ભાજપ સંગઠનમાં નવા ચહેરાઓની વરણી, કાર્યકરોમાં ઉત્સાહ

કોડીનાર, તા.૩૦



તાલુકા ભાજપ સંગઠનને વધુ મજબૂત અને ગતિશીલ બનાવવા વિવિધ મોરચાના પ્રમુખોની નિમણૂક જાહેર કરવામાં આવી છે. પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી, ધારાસભ્ય પ્રધુમન વાજા અને નગરપાલિકા ઉપપ્રમુખ શિવા સોલંકીના માર્ગદર્શન હેઠળ તથા તાલુકા પ્રમુખ જીતુભાઈ બારડની દેખરેખમાં આ માળખું ઘડાયું છે.

યુવા મોરચા પ્રમુખ તરીકે જશવંતસિંહ બારડ, કિસાન મોરચા પ્રમુખ જસવંતસિંહ ઝાલા, બક્ષીપંચ મોરચા પ્રમુખ રામસિંહ સોલંકી, એસ.સી. મોરચા પ્રમુખ વિજયભાઈ જાદવ અને મહિલા મોરચા પ્રમુખ હંસાબેન વાઢેળની વરણી કરવામાં આવી છે.આ નવી નિમણૂકમાં તમામ વર્ગોને પ્રતિનિધિત્વ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. નવનિયુક્ત હોદ્દેદારોએ પક્ષની વિચારધારા અને સરકારની યોજનાઓ લોકો સુધી પહોંચાડવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી.

# અમદાવાદ ગુરુકુલમાં ચૈત્રી કથામૃતનો ભવ્ય મહોત્સવ

અમદાવાદ, તા.૩૦



શ્રી સ્વામિનારાયણ ગુરુકુલમાં ચૈત્રી નવરાત્રી નિમિત્તે આયોજિત 'ચૈત્રી કથામૃત' મહોત્સવે અધ્યાત્મ અને સાહિત્યનો સુંદર સમન્વય સર્જ્યો. સંસ્થાના અધ્યક્ષ પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામીના વ્યાસપીઠેથી નવ દિવસ સુધી ચાલેલી કથામાં સદગુરુ નિષ્કુળાનંદ સ્વામીના 'સારસિદ્ધિ' ગ્રંથના આધારે ભક્તિમય પ્રવચનો રજૂ થયા. કથાના વિરામ બાદ જાણીતા સાહિત્યકારોએ વિવિધ વિષયો પર પ્રવચનો આપ્યા. બળવંતભાઈ જાનીએ સંપ્રદાયના સામાજિક યોગદાન પર પ્રકાશ પાડ્યો, જ્યારે વિષ્ણુભાઈ પંડ્યાએ ઈતિહાસ અને રાષ્ટ્રભાવનાને ઉજાગર કરી. જીતુભાઈ દ્વારકાવાળાએ હાસ્યરસથી સૌને રંજિત કર્યા.તા. ૨૫ માર્ચે યોજાયેલા 'શ્રી ધર્મજીવન સત્ર'માં 'શ્રી ધર્મજીવનગાથા' ગ્રંથ પર વિશેષ ચર્ચા થઈ. અંતે પદ્મશ્રી રતિલાલ બોરીસાગરનું સન્માન કરવામાં આવ્યું.આ સન્માનનો સ્વીકાર કરતા રતિલાલ બોરીસાગરે ભાવુક થઈને જણાવ્યું હતું કે, સ્વામી માધવપ્રિયદાસજીનો પ્રેમ એટલો અદ્ભુત છે કે આજે તેમના હાથે સન્માનિત થવાથી અન્ય તમામ સન્માનો ગૌણ લાગે છે.

# ધોરાજીના ખોડિયાર નગરમાં ૨૨ દિવસથી પાણીની બૂમરાણ

ધોરાજી,તા.૩૦



ધોરાજી શહેરમાં પાણીની વિકટ સમસ્યાને કારણે લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને કૈલાશ નગર પાસે આવેલ ખોડિયાર નગર વિસ્તારના રહીશો છેલ્લા ૨૨ દિવસથી પાણી વિહોણા છે. પાઈપલાઈનમાં ખામી સર્જાઈ હોવાને કારણે નગરપાલિકા દ્વારા અહીં પાણી પૂરું પાડી શકાયું નથી. વોટર વર્કસ વિભાગ દ્વારા ફોલ્ટ શોધવાની કામગીરી ચાલી રહી હોવાનો દાવો કરવામાં આવે છે, પરંતુ ૨૨ દિવસ વીતી જવા છતાં હજુ સુધી સમસ્યાનો કોઈ ઉકેલ આવ્યો નથી. ધોરાજીમાં સામાન્ય રીતે દર ચાર દિવસે પાણી આપવામાં આવે છે, પરંતુ હાલ ઉનાળાના સમયે આયોજનના અભાવે લોકોને ૬ થી ૮ દિવસે માંડ પાણી મળી રહ્યું છે. શહેરને પાણી પૂરું પાડતા ફોફળ ડેમમાં પૂરતો જથ્થો હોવા છતાં પાલિકાના નબળા સંચાલનને કારણે લોકોને ધોમધખતા ઉનાળામાં હાલાકી ભોગવવી પડી રહી છે. આ ઉપરાંત, જે પાણી વિતરણ કરવામાં આવે છે તે પણ ગંદુ અને ડહોળું હોવાની ફરિયાદો ઉઠી છે.આ મામલે વિપક્ષના નેતા દિનેશભાઈ વોરાએ આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, ચૂંટણી પૂર્વે ભાજપના અગ્રણીઓએ એકાતરા પાણી વિતરણના જે વચનો આપ્યા હતા તે પોકળ સાબિત થયા છે. એકાતરા પાણી તો દૂર રહ્યું, પરંતુ લોકોને આઠ-આઠ દિવસે ગંદુ પાણી મળી રહ્યું છે. શાસકોને પ્રજાની કોઈ ચિંતા ન હોવાનો આક્ષેપ પણ તેમણે કર્યો હતો. હાલમાં અનિયમિત પાણી સપ્લાય અને પાઈપલાઈનના ફોલ્ટને કારણે ધોરાજીની જનતામાં નગરપાલિકા અને શાસકો સામે રોષની લાગણી પ્રબળ બની છે.

# અમરેલીના સોનારિયા ગામેથી ૫ લીટર દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૩૦

અમરેલીના સોનારિયા ગામેથી પોલીસે ૫ લીટર દેશી દારૂ ઝડપી પાડ્યો હતો. આ સિવાય અન્ય પાંચ સ્થળેથી ૧૧ લીટર મળી કુલ છ સ્થળેથી ૧૬ લીટર પીવાનો દેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૧ ઈસમો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા. ધજડી ગામેથી એક યુવક કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યો હતો. પોલીસ તમામ સામે પ્રોહિબિસનનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

**ટુંકી મુદતની જાહેર હરરાજી**

આથી રસ ધરાવતા ઈસમોને જણાવાનું કે, અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના નડાળા ગામે આવેલા ગ્રામ પંચાયત હસ્તકના જુના પંચાયત ભવન ની તોડી પાડી, ઈમલો ઉતારી, કાટમાળ નિકાલ કરી અને જગ્યા ખુલ્લી સમથળ કરી આપવાના કામની જાહેર હરરાજી તાઃ- ૧૫/૦૪/૨૦૨૬ ને બુધવાર રોજ સમય સવારે ૧૦:૦૦ કલાકે ગ્રામ પંચાયત કચેરી નડાળા ખાતે રાખેલ હોય તો હરરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા રસ ધરાવતા ઈસમોએ હાજર રહેવું.

હરરાજીની તારીખ : ૧૫/૦૪/૨૦૨૬ ને બુધવાર
હરરાજીનો સમય : સવારે ૧૦:૦૦ કલાકે
હરરાજીનું સ્થળ : ગ્રામ પંચાયત કચેરી નડાળા

લી.
સરપંચશ્રી
નડાળા ગ્રામ પંચાયત

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૬૬/૨૦૨૬

અરજદાર : શ્રી ચાવડા કાળુભાઈ નાનજીભાઈ
સરનામુ : મું.ભાંકોદર તા.જાફરાબાદ જિ.અમરેલી મો.૭૯૯૦૭૫૦૪૨૬

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ભાંકોદર
મું.ભાંકોદર તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ભાંકોદર** ગામના **શ્રી ચાવડા કાળુભાઈ નાનજીભાઈ** એ તેમની **પુત્ર નામે ચાવડા રામજીભાઈ કાળુભાઈ નો જન્મ** તા.૨૩/૧૨/૨૦૦૩ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એમ.જે.બારૈયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ માહે. ૧૩ માર્ચ સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૧૩/૦૩/૨૦૨૬**

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**જાહેર નોટીસ**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઉના //-**

અરજી નં.૮૮/૨૦૨૬
જન્મ તારીખ : ૧૫/૦૧/૨૦૦૫

શ્રી રામુભાઈ વાલાભાઈ પરમાર,
રહે.નાગેશ્રી, ગામ-નાગેશ્રી, તાલુકો-જાફરાબાદ, જિલ્લો-અમરેલી
વકીલશ્રી, આર.એમ.બાંભણીયા, ઉના ...........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત વરસીંગપુર, તા.ઉના, જિલ્લો ગીરસોમનાથ ..........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી રામુભાઈ વાલાભાઈ પરમાર રહે. નાગેશ્રી, તાલુકો-જાફરાબાદ, જિલ્લો-અમરેલી વાળાએ તેમના પુત્રી પ્રિયંકા રામુભાઈ પરમારનો જન્મ તારીખ ૧૫/૦૧/૨૦૦૫ ના રોજ ઉના તાલુકાના વરસીંગપુર મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭/૦૨/૨૦૨૬ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(ડી.કે.ભીમાણી)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,**
**ઉના**

**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.117/2026
જન્મ તારીખ : 01/06/2004

શ્રી માનસિંગભાઈ સાજણભાઈ સોસા,
રહે.નાનાવાડા, ગામ-નાનાવાડા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત નાનાવાડા, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી માનસિંગભાઈ સાજણભાઈ સોસા, રહે.નાનાવાડા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની માનસિંગભાઈ સાજણભાઈ સોસા તથા અનિતાબેન માનસિંગભાઈ સોસા ના પુત્ર દિપકુમાર માનસિંગભાઈ સોસાનો જન્મ તારીખ.01/06/2004ના રોજ કોડીનાર તાલુકાના નાનાવાડા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭/૦૩/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૬૫/૨૦૨૬

અરજદાર : શ્રી ભવનભાઈ ઘુઘાભાઈ બારૈયા
સરનામુ : મું.ખંઢેરા વિસ્તાર, જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
ચીફ ઓફિસરશ્રી નગરપાલિકા - જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી ભવનભાઈ ઘુઘાભાઈ બારૈયા** એ તેમના (૧) **પુત્ર નામે શ્રી જયમલભાઈ ભવનભાઈ બારૈયા નો જન્મ** તા.૦૨/૦૩/૧૯૯૩ (૨) **પુત્ર નામે શ્રી વિનોદભાઈ ભવનભાઈ બારૈયા નો જન્મ** તા.૦૧/૦૬/૨૦૦૦ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એમ.જી.બારૈયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ માહે. ૧૩ માર્ચ સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૧૩/૦૩/૨૦૨૬**


કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

# દહેગામ નજીક રાયપુર કેનાલમાં બે સગા ભાઈઓના ડૂબી જવાથી કરુણ મોત નિપજ્યા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લાના દહેગામ નજીક આવેલી રાયપુર કેનાલમાં એક અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં અમદાવાદના બે સગા ભાઈઓના ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યા છે. મળતી પ્રાથમિક માહિતી મુજબ, મૃતક યુવકો અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારના રહેવાસી હતા. ઘટનાની વિગતો અનુસાર, રવિવારે પારિવારિક ઝઘડાના પગલે એક ભાઈએ આવેશમાં આવીને રાયપુર કેનાલના ધસમસતા પ્રવાહમાં ઝંપલાવ્યું હતું. પોતાના ભાઈને



ડૂબતો બચાવવા માટે બીજો ભાઈ પણ તરત જ કેનાલના પાણીમાં કૂદી પડ્યો હતો. જો કે, કેનાલમાં પાણીનો પ્રવાહ ખૂબ જ ભારે હોવાના કારણે બંને યુવકો પાણીમાં ખેંચાઈ ગયા હતા અને ડૂબી ગયા હતા. ઘટનાની જાણ થતાં જ ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ભારે જહેમત અને લાંબી શોધખોળ બાદ ફાયર વિભાગે બંને યુવકોના મૃતદેહો બહાર કાઢ્યા હતા. સ્થાનિક પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. આ કરુણાંતિકાથી પરિવાર સહિત સમગ્ર વિસ્તારમાં ભારે શોક વ્યાપી ગયો છે.

# પીએમ મોદી આજે ગુજરાતમાં રૂ.૧૯,૮૦૬.૯૦ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે

નવી દિલ્હી, તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ ગુજરાતની મુલાકાત દરમિયાન વાવ-થરાદ ખાતેથી કુલ રૂ.૧૯,૮૦૬.૯ કરોડના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. આ પ્રોજેક્ટ્સમાં ભારત સરકારના ઊર્જા, રેલવે અને હાઈવે મંત્રાલયના રૂ.૧૦,૯૨૧ કરોડના કાર્યો સામેલ છે. જ્યારે ગુજરાત સરકારના વિવિધ




વિભાગોના રૂ.૮,૮૮૬ કરોડના વિકાસકાર્યોનો સમાવેશ થાય છે. આ મુલાકાતમાં પીએમ મોદી કચ્છના ખાવડા ખાતે બની રહેલા વિશ્વના સૌથી મોટા હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્કના રૂ.૩,૬૪૫ કરોડના ૩ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરશે, જે ગ્રીન એનર્જીનો વ્યાપ વધારશે. આ ઉપરાંત અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસવેના ચાર પેકેજનું લોકાર્પણ અને ઈડર-બારડોલી બાયપાસ તથા ધોળાવીરા-સાંતલપુર રોડનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવશે. રેલવે મંત્રાલયના રૂ.૮૯૧ કરોડના પ્રોજેક્ટ્સમાં હિંમતનગર-ખેડબ્રહ્મા બ્રોડગેજ લાઈન અને જામનગર-કાનાલુસ ડબલિંગ લાઈન રાષ્ટ્રને સમર્પિત કરાશે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના આગેવાનો હાજર રહેશે.

# સુરતમાં હનીટ્રેપ ગેંગનો થયો પર્દાફાશ : બે મહિલા સહિત પાંચ આરોપીઓ ઝડપાયા

સુરત,તા.૩૦



સુરતના ઉમરા પોલીસ સ્ટેશનની ટીમે પાર્લે પોઈન્ટ વિસ્તારના સૂર્યમંજરી એપાર્ટમેન્ટમાં દરોડો પાડીને હનીટ્રેપ ગેંગનો પર્દાફાશ કર્યો છે. પોલીસે બે મહિલાઓ સહિત પાંચ આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે એક ફરાર આરોપીને વોન્ટેડ જાહેર કરાયો છે. આ ગેંગ સોશિયલ મીડિયા પર યુવકો અને વેપારીઓને ફસાવી ફ્લેટ પર બોલાવતી હતી. ત્યારબાદ તેમના અશ્લીલ વીડિયો ગુપ્ત રીતે રેકોર્ડ કરી બ્લેકમેઈલિંગ દ્વારા મોટી ખંડણી વસૂલતી હતી. એક કન્સ્ટ્રક્શન સુપરવાઈઝરની ફરિયાદના આધારે પોલીસે આ આખી ટોળકીને ઝડપી પાડી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પૂર્વે વહીવટી સરળતા માટે ૨૬૭ અધિકારીઓની થઈ બદલી

કોલકાતા, તા. ૩૦

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી નજીક આવતાં જ રાજ્ય ચૂંટણી પંચે મુક્ત અને ન્યાયી મતદાન સુનિશ્ચિત કરવા માટે ફરી એકવાર મોટા પાયે બદલી પ્રક્રિયા હાથ ધરી છે. પંચે વિવિધ પોલીસ મથકોના ઓફિસર-ઈન-ચાર્જ (OC) અને બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર (BDO) સહિત કુલ ૨૬૭ અધિકારીઓની તાત્કાલિક અસરથી બદલી કરી છે. ચૂંટણી પંચે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ૧૮૪ પોલીસ અધિકારીઓની બદલી કરી છે, જેમાં કોલકાતા પોલીસ હસ્તકના ૩૧ પોલીસ સ્ટેશનોના પ્રભારીઓ સામેલ છે.




અગાઉ ભવાનીપુર અને નંદીગ્રામ જેવા ચાવીરૂપ મતવિસ્તારોના અધિકારીઓ પણ બદલાયા હતા. આ ઉપરાંત ૧૮ જિલ્લાઓમાં ૮૩ BDO અને આસિસ્ટન્ટ રિર્ટનિંગ ઓફિસર (ARO) ની પણ બદલી કરાઈ છે, જેમાં કૂચબિહારના દિનહાટાથી લઈને દક્ષિણ ૨૪ પરગણાના ડાયમંડ હાર્બર સુધીના વિસ્તારોનો સમાવેશ થાય છે. બીજી તરફ, વરિષ્ઠ વકીલ કલ્યાણ બેનર્જીએ આ જથ્થાબંધ બદલીઓને પડકારતી અરજી કલકત્તા હાઈકોર્ટના ચીફ જસ્ટિસની ડિવિઝન બેન્ચ સમક્ષ કરી છે. તેમણે આ મામલે તાત્કાલિક સુનાવણીની વિનંતી કરી છે. અદાલતે કેસ દાખલ કરવાની મંજૂરી આપી દીધી છે અને આ બાબતે આવતીકાલે સુનાવણી હાથ ધરાય તેવી પૂર્ણ શક્યતા છે.

# મહાયુતિ સરકારે દેશના ઉર્જા ભંડાર વિશે પારદર્શક માહિતી આપવી જોઈએ : ઉધ્ધવ ઠાકર


મુંબઈ તા. ૩૦

શિવસેના (UBT) એ પોતાના મુખપત્ર 'સામના' ના તંત્રીલેખ દ્વારા મહારાષ્ટ્રની સત્તાધારી મહાયુતિ સરકાર પાસે દેશના ઊર્જા ભંડાર અંગે સંપૂર્ણ પારદર્શિતાની માંગ કરી છે. પક્ષના આરોપ મુજબ, પીએમ અને ગૃહમંત્રીના ગૃહરાજ્ય ગુજરાતથી ઈંધણ સંકટની અફવાઓ શરૂ થઈ છે, જ્યાં લોકો પેટ્રોલ પંપો પર લાંબી કતારો લગાવી રહ્યા છે. આ ભયના કારણે મહારાષ્ટ્રમાં પણ લોકડાઉન જેવો ડર ફેલાયો છે. સંપાદકીયમાં દાવો કરાયો છે કે ઈરાન-ઈઝરાયેલ સંઘર્ષના કારણે ભારતની ૬૦% એલપીજી આયાત માટેના મહત્વના એવા 'હોર્મુઝ સ્ટ્રેટ' પર અસર પડી છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સ્થિતિ સામાન્ય હોવાનો દાવો કરે છે, પરંતુ વાસ્તવિકતામાં ગેસની અછતના લીધે મુંબઈ-મહારાષ્ટ્રની ૫૦% હોટેલો અને મોરબીની ૫૦૦ ટાઈલ્સ કંપનીઓ બંધ થઈ ગઈ છે. મંત્રી છગન ભુજબળે પણ ત્રણ મહિનામાં એલપીજી પુરવઠો ખોરવાઈ જવાની ચેતવણી આપી હતી.

# રાજકોટમાં સોપાન હાઈટ્સ બિલ્ડીંગના સ્વિમિંગ પુલમાં ડુબી જવાથી બે માસુમ ભાઈ-બહેનના મોત

રાજકોટ,તા.૩૦

રાજકોટના રૈયા ધાર વિસ્તારમાં આવેલી ડ્રિમ સિટી સામેના સોપાન હાઈટ્સ બિલ્ડિંગમાં એક અત્યંત હૃદયદ્રાવક અને કરુણ ઘટના પ્રકાશમાં આવી છે. બિલ્ડિંગમાં સફાઈ કામ કરતા એક શ્રમિક મૂળ નેપાળી પરિવારના બે માસૂમ બાળકો બપોરના સમયે રમતા રમતા સ્વિમિંગ પૂલ નજીક પહોંચી



ગયા હતા. આ દરમિયાન નાની બાળકી મોટા બાળકો માટેના ઊંડા પૂલમાં નાહવા માટે ઉતરી પડી હતી. પોતાની વ્હાલસોયી બહેનને પાણીમાં ડૂબતી જોઈને તેને બચાવવા માટે તેનો મોટો ભાઈ પણ પૂલમાં કૂદી પડ્યો હતો. પરંતુ અફસોસ કે પાણી ઊંડું હોવાને કારણે બંને માસૂમ ભાઈ-બહેન ડૂબી ગયા હતા અને તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતા જ બિલ્ડિંગમાં કામ કરી રહેલા હતભાગી માતા-પિતા દોડી આવ્યા હતા અને ભારે હૈયે બંને બાળકોના મૃતદેહને બહાર કાઢ્યા હતા. ત્યારબાદ ૧૦૮ મારફતે તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

# બિહારના મુખ્યમંત્રી કોણ બનશે તે પીએમ મોદી અને અમિત શાહ નક્કી કરશે : પ્રશાંત કિશોર

નવી દિલ્હી, તા.૩૦

જન સૂરજના સ્થાપક પ્રશાંત કિશોરે બિહારના રાજકારણ અંગે મોટો દાવો કરતા કહ્યું છે કે રાજ્યમાં હવે મુખ્યમંત્રીનો ચહેરો કોણ હશે તે આખરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ નક્કી કરશે. ભાગલપુરમાં મીડિયા સાથે વાતચીતમાં કિશોરે આરોપ લગાવ્યો હતો કે નીતિશ કુમારને સ્વાસ્થ્યના કારણોસર ધીમે-ધીમે બાજુ પર રાખવામાં આવી રહ્યા છે. ચૂંટણી પહેલાંથી જ તેઓ અસ્વસ્થ છે. આ નિવેદન એવા સમયે આવ્યું



છે જ્યારે નીતિશ કુમારે વિધાન પરિષદમાંથી રાજીનામું આપ્યું હતું અને તાજેતરમાં જેડીયુના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે પણ સર્વાનુમતે ચૂંટાયા હતા. ગઠબંધનની રાજનીતિના પ્રણેતા ગણાતા નીતિશ કુમારે વર્ષ ૨૦૦૫માં પહેલીવાર બિહારના મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળ્યો હતો. ત્યારથી અત્યાર સુધીમાં ભાજપ અને મહાગઠબંધન સાથે અનેકવાર ગઠબંધન બદલવા છતાં તેમનું વર્ચસ્વ જળવાઈ રહ્યું છે અને વર્ષ ૨૦૨૫માં તેમણે રેકોર્ડ દસમી વખત મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. હવે બિહારના આગામી રાજકીય નેતૃત્વ પર સૌની નજર ટકેલી છે.

# પૂર્વ ગૃહમંત્રી સાથે પત્નીના સંબંધો હોવાના આક્ષેપ સાથે પતિએ નોંધાવી પોલીસ ફરિયાદ

વડોદરા, તા.૩૦

ગુજરાતના રાજકારણ અને સહકારી ક્ષેત્રમાં ભારે ચર્ચા જગાવતો એક કિસ્સો વડોદરામાં સામે આવ્યો છે. ગોત્રી વિસ્તારમાં રહેતા એક વ્યક્તિએ પોતાની પત્ની અને રાજ્યના પૂર્વ ગૃહમંત્રી વિપુલ ચૌધરી વચ્ચે અનૈતિક સંબંધો હોવાના ગંભીર આરોપો લગાવ્યા છે. આ મામલે પતિએ કોર્ટના દ્વાર ખખડાવ્યા બાદ, કોર્ટના આદેશથી અટલાદરા પોલીસે વડોદરાની જાણીતી વિન્શ્યોર સ્કૂલના સંચાલક અને ફરિયાદીની પત્ની વિરુધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ફરિયાદીના જણાવ્યા અનુસાર, પિતા હયાત હોવા છતાં અને કોઈ કાયદાકીય પ્રક્રિયા કે સરકારી ગેઝેટ વગર જ શાળાના રેકોર્ડમાંથી પિતાનું નામ અને અટક હટાવીને માતાનું નામ ચડાવી દેવામાં આવ્યું છે. પતિનો આક્ષેપ છે કે તેની પત્ની ઉત્તર ગુજરાતની એક સહકારી મંડળી સાથે જોડાયેલી હતી, જ્યાં પૂર્વ ગૃહમંત્રી અને પત્નીએ મળીને આર્થિક કૌભાંડ પણ આચર્યું હતું. કાયદા મુજબ શાળાને આવી રીતે નામ બદલવાની કોઈ સત્તા નથી. હાઈ-પ્રોફાઈલ રાજકીય નેતાનું નામ આ કેસમાં સંકળાતા પોલીસે દસ્તાવેજોની ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

# અમેરિકન સૈન્યના વિમાનો માટે સ્પેન સરકારે પોતાના એરસ્પેસ બંધ કર્યા

નવી દિલ્હી,તા.૩૦

સ્પેન સરકારે ઈરાન વિરુધ્ધના યુધ્ધમાં સામેલ અમેરિકી સૈન્ય વિમાનો માટે પોતાના એરસ્પેસ અને સૈન્ય મથકોના ઉપયોગ પર સંપૂર્ણ રોક લગાવી દીધી છે. સ્પેનના રક્ષા મંત્રી માર્ગારીટા રોબ્લેસે સ્પષ્ટ કર્યું છે કે ઈરાન સાથે જોડાયેલા કોઈપણ સૈન્ય અભિયાન માટે તેઓ પોતાની ધરતી કે આકાશનો ઉપયોગ કરવા દેશે નહીં. સ્પેનના મંત્રી કાર્લોસ કુએર્પોએ આ નિર્ણયને આંતરરાષ્ટ્રીય કાયદાના રક્ષણ માટેનો ગણાવ્યો છે. વડાપ્રધાન પેડ્રો સાંચેઝ અગાઉ પણ અમેરિકા અને ઈઝરાયલના સૈન્ય અભિયાનોની ટીકા કરી ચૂક્યા છે. જોકે, માનવીય અને કટોકટીની ફ્લાઈટ્સને આમાંથી મુક્તિ આપવામાં આવી છે. આ કડક વલણના જવાબમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સ્પેન વિરુધ્ધ વ્યાપારી કાર્યવાહી કરવાની સીધી ધમકી આપી છે, જેના કારણે બંને દેશો વચ્ચે ભારે વિવાદ સર્જાયો છે.

# તેલંગાણામાં મા-બાપને હેરાન કરનારા કર્મચારીઓના પગારમાંથી પૈસા કપાશે

નવી દિલ્હી, તા.૩૦

વૃધ્ધ માતા-પિતાની સુરક્ષા અને ગૌરવ માટે તેલંગાણા સરકારે એક ઐતિહાસિક બિલ પસાર કર્યું છે. સમાજ કલ્યાણ મંત્રી અદલુરુ લક્ષ્મણ કુમારે 'તેલંગાણા કર્મચારીઓની જવાબદારી અને માતાપિતાની સંભાળ દેખરેખ બિલ ૨૦૨૬' રજૂ કર્યું હતું. આ બિલ મુજબ, જે કર્મચારીઓ પોતાના



વૃધ્ધ માતા-પિતાની અવગણના કરશે અથવા તેમને હેરાન કરશે, તેમના કુલ પગારમાંથી ૧૫% અથવા રૂ.૧૦,૦૦૦ (જે ઓછું હોય તે) કાપીને સીધા માતા-પિતાને અપાશે. આ કાયદો માત્ર સરકારી કર્મચારીઓ પૂરતો સીમિત નથી, પરંતુ તેમાં ખાનગી કર્મચારીઓ સહિત ધારાસભ્યો અને સરપંચો જેવા લોકપ્રતિનિધિઓનો પણ સમાવેશ કરાયો છે. આ પગલું કૌટુંબિક અને સામાજિક મૂલ્યોને મજબૂત કરશે.

# થરાદમાં રમતાં રમતાં ખેતીની દવા પી જતાં બે માસૂમ ભાઈ-બહેનના મોત

બનાસકાંઠા,તા.૨૦

બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના સાબા ગામની સીમમાંથી એક અત્યંત આઘાતજનક કિસ્સો સામે આવ્યો છે. અહીં ભૂલથી ખેતીમાં વપરાતી ઝેરી દવા પી જતાં પાંચ વર્ષની બાળકી અને તેના ત્રણ વર્ષના નાના ભાઈનું કરૂણ મોત નીપજ્યું છે. મળતી માહિતી મુજબ, આ અરેરાટીભરી દુર્ઘટના ત્યારે ઘટી જ્યારે ખેત મજૂરી કરતો પરિવાર પોતાના



ખેતીકામમાં વ્યસ્ત હતો. આ દરમિયાન ઘરે રમી રહેલા બંને માસૂમ બાળકોના હાથમાં નિંદામણ નાશક ઝેરી દવાની બોટલ આવી ગઈ હતી અને રમતમાં જ અજાણતા તેઓ આ દવા પી ગયા હતા. ઝેરની તીવ્ર અસરના કારણે બંને બાળકોએ દમ તોડી દીધો હતો. આ ઘટના ખેતરોમાં વસવાટ કરતાં પરિવારો માટે લાલબત્તી સમાન છે. જોકે, હજુ સુધી આ મામલે પોલીસને કોઈ સત્તાવાર જાણ કરાઈ નથી.આવી જ અન્ય એક દુ:ખદ ઘટનામાં, થોડા દિવસો પહેલા પોરબંદરના રાણા રોજીવાડા ગામમાં શાળાએથી પરત ફરતી વખતે તળાવમાં નહવા પડેલા બે માસૂમ મિત્રો, નિખિલ (૧૧ વર્ષ) અને સુમિત (૧૨ વર્ષ), પાણીમાં ડૂબી જવાથી કાળનો કોળિયો બન્યા હતા.

# ૧ એપ્રિલથી ચાઈનીઝ સીસીટીવી કેમેરા પર સરકાર પ્રતિબંધ મુકે તેવી સંભાવના

નવી દિલ્હી,તા.૨૦

ભારતમાં સીસીટીવી કેમેરાની સુરક્ષાને લઈને ગંભીર ચિંતાઓ ઊભી થઈ છે, કારણ કે દેશમાં મોટાભાગે ચાઈનીઝ કેમેરા વેચાઈ રહ્યા છે જે લોકોની ગોપનીયતા માટે મોટો ખતરો છે.

એક અહેવાલ મુજબ, આગામી ૧ એપ્રિલથી હિકવિઝન, દહુઆ અને ટીપી-લિંક જેવી અગ્રણી ચાઈનીઝ બ્રાન્ડ્સના સીસીટીવી કેમેરાના



વેચાણ પર સરકાર પ્રતિબંધ મૂકી શકે છે. આ કંપનીઓ ચીન સાથે જોડાયેલી હોવાથી અયોગ્ય અને સર્ટિફિકેશન વગરના કેમેરાના ઉપયોગ પર રોક લગાવવાની પૂરી તૈયારીઓ ચાલી રહી છે.

તાજેતરમાં જ એક ચોંકાવનારો ખુલાસો થયો હતો કે દેશના વિવિધ રેલ્વે સ્ટેશનો પર લાગેલા સીસીટીવી કેમેરાના લાઈવ ફીડ્સ પાકિસ્તાન સુધી પહોંચી રહ્યા હતા.

આ ઘટના બાદ સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે અને કેન્દ્ર સરકારે તમામ સરકારી કચેરીઓને માત્ર પ્રમાણિત અને સંપૂર્ણ સુરક્ષિત કેમેરા ખરીદવાનો કડક આદેશ આપ્યો છે. આ પગલું દેશની આંતરિક સુરક્ષાને મજબૂત કરવા માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

વિકસિત ભારત વિકસિત ગુજરાત

GUJARAT URBAN DEVELOPMENT YEAR 2025
૨૦ વર્ષ શહેરી વિકાસનાં



# માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે



**₹19,800 કરોડ** થી વધુના વિકાસલક્ષી વિવિધ પ્રકલ્પોનાં **લોકાર્પણ** અને **ખાતમુહૂર્ત**

## અતિથિ વિશેષ

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

## વિશેષ ઉપસ્થિતિ

**શ્રી હર્ષ સંઘવી**
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી શંકરભાઈ ચૌધરી**
માનનીય અધ્યક્ષ, વિધાનસભા, ગુજરાત

### કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પો

- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના 44 પ્રકલ્પો
- કેન્દ્રના માર્ગ પરિવહન તથા રાજમાર્ગ મંત્રાલયના 6 પ્રકલ્પો
- વિદ્યુત મંત્રાલય અને રેલવે મંત્રાલયના 3-3 પ્રકલ્પો
- જળ સંપત્તિ વિભાગના 5 પ્રકલ્પો
- ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC)ના 3 પ્રકલ્પો
- આરોગ્ય, પ્રવાસન તેમજ માર્ગ અને મકાન વિભાગના 2-2 પ્રકલ્પો
- પાણી પુરવઠા અને આદિજાતિ વિકાસ વિભાગના વિવિધ પ્રકલ્પો

**તારીખ: 31/3/2026 | સમય: સાંજે 04:00 વાગે | સ્થળ: નાણી, વાવ-થરાદ**

# વિકાસની ઐતિહાસિક ભેટ

**આરોગ્ય ક્ષેત્રે સુવિધાઓમાં વધારો**
1600થી વધુ દર્દીઓના પરિવારજનોને ન્યૂનતમ દરે રહેવા અને ભોજનની ઉત્તમ સગવડ મળશે

**રેલ કનેક્ટિવિટીમાં વધારો**
₹891 કરોડના રેલ પ્રકલ્પો દ્વારા 94 કિમી સુધી કનેક્ટિવિટી મજબૂત બનશે, મુસાફરી સરળ થશે અને અર્થતંત્રને વેગ મળશે

**અમદાવાદ-ધોલેરા SIR માર્ગમાં ઐતિહાસિક ગતિ**
₹5,105 કરોડના 109 કિમી એક્સપ્રેસ-વેથી મુસાફરીનો સમય આશરે 2 કલાક 15 મિનિટથી ઘટીને માત્ર 45 મિનિટ થશે. જે વેપાર, રોકાણ અને રોજગારી માટે નવી તકો સર્જાશે

**વિશ્વસનીય વીજ પુરવઠો**
₹3,645 કરોડના રોકાણ સાથે 6000 MVA + 4.5 GW ક્ષમતા અને આશરે 958 CKM ટ્રાન્સમિશન લાઈન નેટવર્કથી 30 લાખથી વધુ રહેણાંકોને અવિરત વીજ પ્રવાહ મળશે



**ટ્રાફિક સમસ્યામાં રાહત**
અડાલજના 1.02 કિ.મી. લાંબા ઓવરબ્રિજથી અન્નપૂર્ણા સર્કલ ખાતે ટ્રાફિક સમસ્યામાં રાહત, હજારો નાગરિકોનો દૈનિક પ્રવાસ વધુ સુગમ, સરળ અને સુરક્ષિત બનશે

**આદિજાતિ યુવાનોને શિક્ષણમાં નવી તકો**
628 વિદ્યાર્થીઓનો સમાવેશ ધરાવતી હોસ્ટેલ્સથી સુરક્ષિત રહેઠાણ, અભ્યાસ અને ભોજન જેવી સુવિધાઓ મળી રહેશે

**પર્યટનનો અનુભવ બનશે વધુ રોચક**
₹68 કરોડના પર્યટન પ્રકલ્પોથી મુલાકાતીઓ માટે હેરિટેજ સ્થળોની અનુભૂતિ આહલાદક બની રહેશે સ્થાનિક રોજગારીમાં વધારો થશે અને રાજ્યના સાંસ્કૃતિક વારસાને આધુનિકતાનો ઓપ મળશે

**ગ્રામીણ પરિવારોને સુરક્ષિત રહેઠાણ**
પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ 34 જિલ્લાના 38,949 આવાસોમાં ગૃહ પ્રવેશથી હજારો પરિવારોને સન્માનપૂર્ણ અને સુરક્ષિત જીવનનો આધાર મળશે

**જળ સુવિધાનું વિસ્તરણ**
110 કિમી લાંબી પાઈપલાઈનોનું નિર્માણ, 128 ગામોના 280 તળાવો નર્મદાના જળ સાથે જોડાયા, ગુજરાતના 92,000 એકર વિસ્તારને સિંચાઈનો બહોળો લાભ મળશે

**ઔદ્યોગિક વિકાસને મજબૂત આધાર**
સાણંદ-2 અને નરોડા GIDC સહિતના પ્રકલ્પોથી 2,416 હેક્ટર વિસ્તારમાં આશરે 1,150થી વધુ ઉદ્યોગોને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડ્રેનેજ, રસ્તા અને પરિવહન સુવિધાનો સીધો લાભ મળશે

કાર્યક્રમનું જીવંત પ્રસારણ ડીડી ન્યૂઝ ચેનલ પર DD NEWS